dailyhunt संजोग न्यूज़
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-08 | Issue-211 | AD-2025, Vaishakh Sud-09 | Tuesday, Dt.06-05-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## કેરી પકવતા ખેડૂતોની ચિંતા વધી

# રાજયમાં ભારે પવન, ગાજવીજ અને કરા સાથે માવઠું

અમદાવાદ, તા.૦૫

ગુજરાતમાં હવામાન વિભાગે ભારે પવન, ગાજવીજ અને કરા સાથે વરસાદની આગાહી કરી છે. ગઈકાલે સુરેન્દ્રનગર, કચ્છ, ભાવનગર, રાજકોટ સહિતના જિલ્લાના વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. ચોટીલામાં ધોધમાર વરસાદ વરસતા રસ્તાઓ પર પાણી વહેતા થયા હતા. તો કચ્છમાં વાસણો ભરાય જાય એટલા કરા વરસતા કેરી પકવતા ખેડૂતોની ચિંતા વધી છે. વાતાવરણમાં પલટાના કારણે શહેરોના તાપમાનમાં ૮ થી ૧૦ ડિગ્રીનો ઘટાડો થયો હતો. અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરતના તાપમાનમાં એક કલાકમાં મોટો ઘટાડો નોંધાયો હતો. સાંજના ૬ વાગ્યાના તાપમાન કરતા ૭ વાગ્યાનું તાપમાન ૪થી લઈ ૮ ડિગ્રી સુધી ગગડ્યું હતું. અમદાવાદનું તાપમાન ૩૮.૭ ડિગ્રીથી ૮ ડિગ્રી જેટલું ગગડીને ૩૦ ડિગ્રી જેટલું થઈ ગયું હતું. જ્યારે સુરતનું તાપમાન ૩૩ ડિગ્રીથી ૩૧ ડિગ્રી, વડોદરાનું વડોદરા ૩૭.૪ ડિગ્રીથી ઘટીને ૩૩ ડિગ્રી થઈ ગયું હતું. તેમજ રાજકોટનું તાપમાન ૩૯.૮ ડિગ્રીથી ગગડીને ૩૫ ડિગ્રી થઈ ગયું હતું. સુરતમાં વાતાવરણમાં પણ પલટો આવ્યો હતો. ભારે પવનના કારણે



ધૂળની ડમરી ઉડી હતી. ધીમી ધારે વરસાદ પડતા લોકોએ ઠંડક અનુભવી હતી. વડોદરામાં ભારે પવનના કારણે અનેક સ્થળોએ વૃક્ષો અને વીજપોલ ધરાશાયી થયા છે. રાત્રે ૮ વાગ્યા સુધીમાં ૫૦ જેટલા વૃક્ષો અને ૪ સ્થળે વીજપોલ ધરાશાયી થયા હોવાની વિગતો મળી છે. વડોદરાના નાગરવાડા વિસ્તારમાં પવન અને વરસાદના કારણે કોમ્પલેક્ષનો સ્લેબ ધરાશાયી થયો હતો. સ્લેબ નીચે વાહનો દબાયા હતા. કાર અને ટુ વ્હીલ સહિતના વાહનોને નુકસાન થયું હતું. ભરૂચ જિલ્લામાં ભારે પવન ફૂંકાવાના કારણે લગ્ન પ્રસંગ સ્થળે મંડપ ઉડી ગયા હતા જેથી લગ્ન પ્રસંગમાં નાસભાગ મચી હતી. દહેગામ પંથકમાં પણ કમોસમી વરસાદ અને ભારે વાવાઝોડું ફૂંકાવાથી વૃક્ષો ધરાશાયી થયા હતા. એક કાર ઉપર વૃક્ષ પડયું હતું. સદનસીબે કાર ચાલકનો આબાદ બચાવ થયો હતો. અમદાવાદના શ્યામલ ચાર રસ્તા પાસે હોર્ડિંગ પડવાની ઘટના બની હતી. જેના કારણે ટ્રાફિક સિગ્નલને પણ નુકસાન થયું હતું. તો એક મહિલા ઈજાગ્રસ્ત થતા તેને સારવાર માટે ખસેડવામાં આવી હતી. અમદાવાદ જિલ્લાના બાવળા વિસ્તારમાં સાંજના સમયે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. આ દરમિયાન ભારે પવન ફૂંકાવાનું શરૂ થયું હતું. વાવાઝોડા જેવી સ્થિતિ સર્જાતા તીવ્ર પવનના કારણે અનેક વસ્તુઓ હવામાં ફંગોળાઈ હતી. હવામાન વિભાગ દ્વારા બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ અને કચ્છમાં રેડ એલર્ટ અપાયું છે. જ્યારે અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, અરવલ્લી, દાહોદ, ખેડા, આણંદ, પંચમહાલ, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, અમરેલી, મોરબી, બોટાદમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. તો ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરા નગર હવેલી, સુરેન્દ્રનગર, રાજકોટ અને જૂનાગડમાં યલો એલર્ટ જાહેર કરાયું છે. આ તમામ જિલ્લામાં ગાજવીજ અને પવન સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. ધોળકા પંથકમાં અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. વિસ્તારમાં ભારે પવન સાથે કમોસમી વરસાદ નોંધાયો છે. આ કમોસમી વરસાદથી ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. બોટાદમાં ભારે પવન ફૂંકાતા ભાવનગર રોડ પર રસ્તા પર લગાવેલું હોર્ડિંગ ધરાશાયી થયું હતું. સદનસીબે નજીક કોઈ ન હોય જાનહાનિ થતા અટકી હતી. હોર્ડિંગ ધરાશાયી થયાનો લાઈવ વીડિયો વાઈરલ થયો છે. ભાવનગર શહેર અને જિલ્લામાં માવઠાની આગાહી વચ્ચે ભારે પવન સાથે વરસાદ વરસતા રસ્તાઓ પર પાણી વહેતા થયા હતા.

# જમ્મુ અને કાશ્મીરના પૂંછમાં આતંકવાદી ઠેકાણાનો પર્દાફાશ

શ્રીનગર,તા.૦૫

જમ્મુ અને કાશ્મીરના પૂંછ જિલ્લામાં સુરક્ષા દળોએ એક આતંકવાદી ઠેકાણાનો પર્દાફાશ કર્યો છે. સુરક્ષા દળોએ જિલ્લાના સુરનકોટ સેક્ટરના હરી મારોટે ગામમાં આ આતંકવાદી ઠેકાણાને શોધ્યું હતું. રવિવારે મોડી રાત્રે સેના, પોલીસ અને એસઓજી સહિત સુરક્ષા દળો દ્વારા હાથ ધરવામાં આવેલા સંયુક્ત સર્ચ ઓપરેશન દરમિયાન આતંકવાદીઓના આ ઠેકાણાની શોધખોળ કરવામાં આવી હતી, જ્યાંથી પાંચ આઈઈડી વાયરલેસ સેટ અને કેટલાક કપડાં મળી આવ્યા હતા. રાષ્ટ્રીય રાઈફલ્સ, ભારતીય સેનાના પેરા કમાન્ડો યુનિટ્સ અને જમ્મુ અને કાશ્મીર પોલીસ દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવેલા સઘન સર્ચ ઓપરેશન દરમિયાન પાકિસ્તાની આતંકવાદીઓના એક અત્યાધુનિક 'શિયાળના ખાડા'નો પર્દાફાશ કરવામાં આવ્યો હતો, જ્યાં ૩૦ એપ્રિલના રોજ ગોળીબાર થયો હતો.



















# અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક દ્વારા આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષની ઉજવણી અને વિસ્તરણ ઝુંબેશ

અમરેલી, તા.૦૫

તા.૨૬/૦૪/૨૦૨૫ના રોજ ધી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. દ્વારા આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષની ઉજવણીના ભાગરૂપે વિસ્તરણ અને સભ્યપદ ઝુંબેશ અભિયાન કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલીના બાલમુકુંદ હોલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં સહકારી ક્ષેત્રના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ઈફકો, NCUI, ગુજકોમાસોલ અને ધી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લિ.ના ચેરમેન જયંતીભાઈ પાનસુરિયા, અમરેલી જિલ્લા સહકારી સંઘના ચેરમેન મનિષભાઈ સંઘાણી, બેંકના વાઈસ ચેરમેન અરુણભાઈ પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર એસ. આર. અણિયાળીયા, ધી જી.એસ.





સી. બેંક લિ. અમદાવાદના AGM જયલભાઈ શેઠ, ધી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના જનરલ મેનેજર બી.એસ. કોઠીયા, એડિશનલ જનરલ મેનેજર એ.બી. ગોંડલીયા તેમજ બેંકના ડિરેક્ટરો અને વિવિધ મંડળીઓના પ્રમુખ, કમિટી સભ્યો અને મંત્રીઓએ હાજરી આપી હતી. કાર્યક્રમની શરૂઆતમાં બેંકના જનરલ મેનેજર બી.એસ. કોઠીયાએ ઉપસ્થિત સૌનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ ધી જી.એસ. સી. બેંક લિ. અમદાવાદના AGM જયલભાઈ શેઠે આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષની ઉજવણીના મહત્વ વિશે માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લા રજિસ્ટ્રાર એસ. આર. અણિયાળીયાએ સહકારના માધ્યમથી છેવાડાના માનવી સુધી સેવાઓ પહોંચાડીને સહકારથી સેવાનો મંત્ર સાર્થક કરવા પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે બેંકમાં નવા જોડાયેલા સભ્યોને દિલીભાઈ સંઘાણીના હસ્તે ATM કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયાએ સહકારથી અમર ડેરી દ્વારા પશુપાલકોને રોજગારી પૂરી પાડવાના કાર્યને બિરદાવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યું હતું કે, સહકારના માધ્યમથી ખેડૂતોની જે સેવા થઈ શકે છે તે અન્ય કોઈ માધ્યમથી શક્ય નથી. તેમણે કોરોના કાળમાં બેંક દ્વારા ખેડૂતોને કરવામાં આવેલી મદદનો ઉલ્લેખ કર્યો હતો અને સહકારી વર્ષની ઉજવણી અંતર્ગત સહકારી સંસ્થાઓને સેવાલક્ષી, અર્થક્ષમ અને સમૃદ્ધ બનાવવા માટે સૌને સાથે મળીને કામ કરવા માટે હાકલ કરી હતી. કાર્યક્રમના અંતે બેંકના એડિશનલ જનરલ મેનેજર એ.બી. ગોંડલીયાએ આભારવિધિ કરી હતી.

## અમરેલી શહેર ભાજપ મહામંત્રીએ તપોવન આશ્રમ ખાતે યજ્ઞમાં ભાગ લીધો

અમરેલી,તા.૦૫



અમરેલી શહેર ભાજપ મહામંત્રી રાકેશભાઈ સાવલિયાને સારહી તપોવન આશ્રમ ખાતે રવિવારના રોજ ગાયત્રી યજ્ઞમાં બેસવાનો લાભ મળેલ. તપોવન આશ્રમમાં રહેતા તપસ્વીઓએ પણ યજ્ઞમાં આહુતિ આપેલ. આ તકે ગાયત્રી પરિવારમાંથી ગીતાબેન બાવીસીએ યજ્ઞ કરાવેલ તથા દરેક તપસ્વીઓના આશીર્વાદ લીધેલ. આ તકે સારહી યુથ ક્લબ ઓફ અમરેલીના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી તેમજ સારહી પરિવારનો આભાર માનવામાં આવ્યો હતો.

## કૌશિક વેકરીયાના હસ્તે હરિપુરા-સુરગપુરા રોડ પર ૩ સ્લેબ ડ્રેનનું લોકાર્પણ

અમરેલી, તા.૦૫



અમરેલીના ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના હસ્તે આજે હરિપુરા ખાતે હરિપુરા-સુરગપુરા રોડ પર અંદાજીત રૂ. ૨૩૦ લાખના ખર્ચે તૈયાર થયેલ ૩ સ્લેબ ડ્રેનનું લોકાર્પણ થયું અને અંદાજિત ૨૦ લાખના ખર્ચે માંગવાપાળ એપ્રોચ રોડના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત થયું હતું. વર્ષો જૂની માંગ પૂર્ણ થતા મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા તથા ધારાસભ્યનો આભાર વ્યક્ત કર્યો હતો. માંગવાપાળ એપ્રોચ રોડ અંગે પણ ટેન્ડર પ્રક્રિયામાં વિલંબના કારણે ઘણા સમયથી કામ શરૂ થતું ન હતું જેમાં રીવ્યૂ બેઠકમાં ધ્યાને આવતા તાત્કાલિક કાર્યપાલક ઈજનેરને સૂચના આપી કામનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતના ચૂંટાયેલા પદાધિકારીઓ, તાલુકા ભાજપ સંગઠનના હોદ્દેદારો, ગ્રામ પંચાયતના આગેવાનો સહિત મોટી સંખ્યામાં વિસ્તારના રહીશો ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલીમાં તા. ૦૮ મેના રોજ અનુબંધમ વેબપોર્ટલ દ્વારા રોજગાર ભરતી મેળો

અમરેલી, તા.૦૫

અમરેલી જિલ્લાના રોજગારવાંચ્છુઓ માટે આગામી તા. ૦૮ મે, ૨૦૨૫ને ગુરુવારના રોજ સવારે ૧૧ કલાકે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, બહુમાળી ભવન ખાતે ડિજિટલ માધ્યમથી રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. યુવા શક્તિ ફાઉન્ડેશન રાજકોટ દ્વારા મશીન ઓપરેટર (પુરુષ) અને બોનાન્ઝા લક્ઝે સલૂન રાજકોટ દ્વારા બ્યુટિશિયન, હેર ડ્રેસર, કેશિયર, સ્ટોક મેનેજર અને ફ્લોર મેનેજરની જગ્યાઓ માટે ભરતી કરવામાં આવશે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ અનુબંધમ વેબપોર્ટલ https://anubandham.gujarat.gov.in/account/signup પર જોબસીકર તરીકે નોંધણી કરાવવાની રહેશે.

## એસ.એચ. ગજેરા સ્કૂલ વિદ્યાસભાનું ધોરણ-૧૨નું ઉજ્જવળ પરિણામ જાહેર

અમરેલી,તા.૦૫





અમરેલીમાં શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસનું બોર્ડની ધોરણ ૧૨ની પરીક્ષાનું સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહનું પરિણામ સોમવારે જાહેર થયું હતું. જેમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઉજ્જવળ પરિણામ પ્રાપ્ત કરવા બદલ સંસ્થાએ શુભકામના પાઠવી હતી. સંસ્થાનું સામાન્ય પ્રવાહનું ૯૮% અને વિજ્ઞાન પ્રવાહનું ૯૮.૬૮% પરિણામ જાહેર થતાં સમગ્ર કેમ્પસમાં અને વિદ્યાર્થીઓના પરિવારમાં હર્ષોલ્લાસ જોવા મળ્યો હતો. ધોરણ ૧૧ માં અને અન્ય તમામ ધોરણમાં કોઈપણ એન્ટ્રન્સ ટેસ્ટ વગર વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે. આ સંસ્થાની પ્રાથમિકતા દરેક વિદ્યાર્થી પાસ થાય અને હોશિયાર વિદ્યાર્થી A૧ અને A૨ ગ્રેડ મેળવે તે માટે આગવી પદ્ધતિઓથી અભ્યાસ કરાવવામાં આવે છે સાથે સાથે વ્યવસાયલક્ષી અભ્યાસ પણ કરાવવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓ આગળ સંપૂર્ણ સ્વનિર્ભર બની અને પોતાની કારકિર્દી બનાવી શકે તેવું પાયાનું નોલેજ આપવામાં આવે છે. ગજેરા કેમ્પસના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવીને શિક્ષકોને સમગ્ર વર્ષ દરમિયાન કરેલ મહેનત બદલ બિરદાવ્યા હતા.

## સા.કુંડલા ખાતે 'રેડક્રોસ રથ'નું આગમન

સાવરકુંડલા, તા.૦૫



ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા "રેડક્રોસ રથ" સમગ્ર ગુજરાતમાં રેડક્રોસ પ્રવૃત્તિને ઉજાગર કરવા ભ્રમણ કરી રહેલ છે. રવિવારે આ રથનું સાવરકુંડલા ખાતે આગમન થયું હતું, જેનું રેડક્રોસ સાવરકુંડલા બ્રાન્ચ દ્વારા પુષ્પોથી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. રેડક્રોસ સાવરકુંડલા બ્રાન્ચના પ્રમુખ સેક્રેટરી તથા કાર્યકારી સભ્યો તથા વી.ડી. કાણકીયા કોલેજના આચાર્ય, કો-ઓર્ડીનેટર તથા યુથ રેડક્રોસ કલબના વિદ્યાર્થીઓ દ્વારા આ રથનું સ્વાગત કરવામાં આવ્યું હતું.






## અમરેલી નાગરિક સહકારી બેંકની સંવેદના: સભાસદના વારસદારને અકસ્માત મૃત્યુ સહાય

અમરેલી, તા.૦૫



અમરેલી નાગરિક સહકારી બેંક લિ. દ્વારા તેના સભાસદ સ્વ. પંકજભાઈ કનુભાઈ કારેલીયાના વારસદાર એવા તેમના પત્ની રૂપાબેન પંકજભાઈ કારેલીયાને અકસ્માત મૃત્યુ સહાય યોજના હેઠળ રૂ. ૧ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. બેંક દ્વારા સભાસદો માટે ચલાવવામાં આવતી અકસ્માત વીમા સહાય યોજના અંતર્ગત આ સહાય ચૂકવવામાં આવી છે. આ ચેક અર્પણ કાર્યક્રમ બેંકના ચેરમેન જયેશભાઈ એમ. નાકરાણી, મેનેજિંગ ડિરેક્ટર શૈલેષભાઈ બી. સંઘાણી, વાઈસ ચેરમેન ભાવિનભાઈ જે. સોજીત્રા અને બેંકના મેનેજર દિલીપભાઈ ધોરાજીયા દ્વારા સંપન્ન કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે બેંકના આસિસ્ટન્ટ મેનેજર સંજયભાઈ રાજપરા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે અમરેલી નાગરિક સહકારી બેંકે આ સહાય દ્વારા તેના સભાસદ પ્રત્યેની કુટુંબ ભાવના વ્યક્ત કરી છે.






### -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ગીરગઢડાની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ.નં. 30\2025

**પ્રતિ**
ગોહીલ ધીરૂભાઈ કરશનભાઈ,
રહે. એભલવડ, ગામ-એભલવડ
તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, રાજેશકુમાર બી. પુરાણીક, ગીરગઢડા ........અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ- મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, એભલવડ/હરમડીયા, તાલુકો- ગીરગઢડા,
જિલ્લો.ગીરસોમનાથ ....સામાવાળા

**-:જાહેર નોટીસ:-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના ગીરગઢડા તાલુકાના એભલવડ ગામના રહીશ ગોહીલ ધીરૂભાઈ કરશનભાઈના બહેન શાંન્તુબેન કરશનભાઈ ગોહીલનું મરણ તારીખ:- ૦૧-સપ્ટે-૦૫ ના રોજ ગીરગઢડા તાલુકાના એભલવડ ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ ગીરગઢડા તાલુકાના એભલવડના સને. ૨૦૦૫ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૫/૦૪/૨૦૨૫ ના રોજ ૧૬:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૦૨/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(જી.કે.વાળા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ગીરગઢડા

### -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ગીરગઢડાની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ.નં. 31\2025

**પ્રતિ**
ગોહીલ ધીરૂભાઈ કરશનભાઈ,
રહે. એભલવડ, ગામ-એભલવડ
તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, રાજેશકુમાર બી. પુરાણીક, ગીરગઢડા ........અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ- મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, એભલવડ/હરમડીયા, તાલુકો- ગીરગઢડા,
જિલ્લો.ગીરસોમનાથ ....સામાવાળા

**-:જાહેર નોટીસ:-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા તાલુકાના એભલવડ ગામના રહીશ ગોહીલ ધીરૂભાઈ કરશનભાઈના ભાઈ તકુભાઈ કરશનભાઈ ગોહીલનું મરણ તારીખ ૦૬-મે-૦૧ ના રોજ ગીરગઢડા તાલુકાના એભલવડ ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ ગીરગઢડા તાલુકાના એભલવડના સને.૨૦૦૧ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૫/૦૪/૨૦૨૫ના રોજ ૧૬:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૨/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(જી.કે.વાળા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ગીરગઢડા

### એમ.સી.રાજયગુરૂ અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૨૬/૨૦૨૪ તા.૦૩/૦૪/૨૦૨૫

**વિવાદી :-** પરશોતમભાઈ પ્રાગજીભાઈ તલસાણીયા
મુ.શેખ પીપરીયા, તા.લાઠી જિ.અમરેલી
મો.૯૯૨૫૮૫૩૯૪૧

**વિરૂધ્ધ**

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
મુ. શેખ પીપરીયા, તા.લાઠી, જિ.અમરેલી

**// જાહેર નોટીસ //**
(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે. શેખ પીપરીયા ગામના રહીશ આ કામના અરજદારશ્રીના પુત્રી મંજુલાબેન પરશોતમભાઈ તલસાણીયાનો જન્મ તા.૧૯/૦૬/૧૯૯૩ ના રોજ શેખપીપરીયા, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૯/૦૭/૨૦૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ફેર મુદત તા.૨૪/૦૪/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

### એમ.સી.રાજયગુરૂ અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૩૨/૨૦૨૪ તા.૨૪/૦૪/૨૦૨૫

**વિવાદી :-** જગુભાઈ અમરૂભાઈ ખુમાણ
ઠે.લુવારીયા, તા.લાઠી, જી.અમરેલી મો.૮૧૫૩૯૮૨૭૫૩
C\O વિપુલભાઈ જે. ઓઝા, ૨-ગણેશ કોમ્પલેક્ષ,
એસ.ટી.બસસ્ટેન્ડ પાસે, મુ. લાઠી, જી.અમરેલી મો.૯૪૨૬૪૫૬૭૭૫

**વિરૂધ્ધ**

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત લુવારીયા, તા.લાઠી, જિ.અમરેલી

**// જાહેર નોટીસ //**
(મરણના દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે. લુવારીયા ગામના રહિશ આ કામના અરજદારશ્રીના માતા ઝાલબાઈબેન અમરૂભાઈ ખુમાણ નું મરણ તા.૧૮/૧૦/૨૦૧૬ ના રોજ લુવારીયા, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૬/૦૯/૨૦૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૫/૦૫/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

**શાળામાં ૧૨ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ મેળવી જિલ્લામાં ડંકો વગાડ્યો**

# અમરેલી ઓક્સફર્ડ સ્કૂલની વિદ્યાર્થિની સમગ્ર જિલ્લામાં અવ્વલ

અમરેલી,તા.૦૫

સોમવારે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૨ સાયન્સ અને સામાન્ય પ્રવાહના પરિણામો જાહેર થયા હતા. અમરેલી જિલ્લાએ ૮૩.૨૫%નું ઉત્કૃષ્ટ પરિણામ મેળવીને શૈક્ષણિક ક્ષેત્રે પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી છે. આ સફળતામાં અમરેલી શહેરની ઓક્સફોર્ડ સ્કૂલ ઓફ સાયન્સની વિદ્યાર્થિની વીરપરા હસ્તીએ ૯૯.૯૫ પર્સેન્ટાઇલ મેળવીને જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. સાયન્સ મેરીટમાં પણ ૩૦૦ ગુણમાંથી ૨૯૬ ગુણ મેળવી ઓક્સફર્ડ સ્કૂલનો વિદ્યાર્થી સુદાણી તૃષિક જિલ્લામાં પ્રથમ ક્રમે આવેલ છે. ગુજકેટ પરીક્ષામાં ૧૧૩.૭૫ ગુણ મેળવી સંસ્થાના વિદ્યાર્થીઓ ધંધૂકિયા પ્રિયાંશી અને ત્રિવેદી પાર્થ જિલ્લામાં પ્રથમ ક્રમે આવેલ છે. સંસ્થાના કુલ ૨૧૦ વિદ્યાર્થીઓમાંથી ૨૦૦ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયેલ છે, જેમાં ૧૨ - એ૧ ગ્રેડ, ૫૦ - એ-૨ ગ્રેડ, ૪૩ - બી-૧ ગ્રેડ અને ૬૩ વિદ્યાર્થીઓએ ૯૦ ઉપર પી.આર. મેળવેલ છે. ઓક્સફોર્ડ સ્કૂલ ઓફ સાયન્સે આ વર્ષે પણ પોતાની ઉચ્ચ શિક્ષણની પરંપરા જાળવી રાખી છે. શાળાના ૧૨ જેટલા વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ મેળવીને શાળાની ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રણાલીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ સિદ્ધિ બદલ શાળા દ્વારા તમામ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના સંચાલકોએ આ પ્રસંગે જણાવ્યું હતું કે આ સફળતા વિદ્યાર્થીઓની મહેનત, શિક્ષકોનું માર્ગદર્શન અને વાલીઓના સહકારનું પરિણામ છે. વીરપરા હસ્તીની વિશેષ સિદ્ધિ બદલ તેમણે ગર્વની લાગણી વ્યક્ત કરી હતી અને એ-૧ ગ્રેડ મેળવનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. અમરેલી જિલ્લાના વિદ્યાર્થીઓએ આ વર્ષે કરેલી પ્રગતિ ખરેખર પ્રશંસનીય છે અને ઓક્સફોર્ડ સ્કૂલ ઓફ સાયન્સના વિદ્યાર્થીઓનું યોગદાન તેમાં વિશેષ છે. આ પરિણામ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યનો પાયો નાખશે અને તેઓ ઉચ્ચ શિક્ષણ તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા પ્રાપ્ત કરશે તેવી આશા છે. શાળા દ્વારા વિદ્યાર્થીઓને તેમના લક્ષ્યો સુધી પહોંચવા માટે તમામ શક્ય સહાય અને માર્ગદર્શન આપવાની ખાતરી આપવામાં આવી છે. જિલ્લાના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓને આ સફળતા બદલ હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.





# અમરેલી જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહમાં એ-૧ માં માત્ર ૧૫ વિદ્યાર્થીઓ

**સામાન્ય પ્રવાહમાં એ-૧માં ૮૪ વિદ્યાર્થીઓએ સફળતા મેળવી**

અમરેલી,તા.૦૫

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સોમવારે સત્તાવાર રીતે ધોરણ ૧૨ સાયન્સ તેમજ સામાન્ય પ્રવાહનું એક સાથે પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. અમરેલી જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહમાં ૧૫૬૬ વિદ્યાર્થીઓ નોંધાયેલ હતા. જેની સામે ૧૫૬૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જે પૈકી એ-૧ ગ્રેડ માત્ર ૧૫ વિદ્યાર્થીઓએ હાંસલ કર્યો છે. જ્યારે એ-૨ -૧૬૮, બી-૧ -૨૨૭, બી-૨- ૩૦૫, સી-૧ -૩૨૨, સી-૨- ૨૧૪, ડી- ૫૧ તેમજ ઈ-૧ - ૦ વિદ્યાર્થીઓએ ગ્રેડ હાંસલ કર્યો છે. જ્યારે ઈમ્પ્રુવમેન્ટ જરૂરિયાતવાળા (NI) ૨૬૪ વિદ્યાર્થીઓ છે. અમરેલી જિલ્લાનું વિજ્ઞાન પ્રવાહનું ૮૩.૨૫% પરિણામ આવ્યું છે. અમરેલી જિલ્લામાં સામાન્ય પ્રવાહમાં ૭૫૫૫ વિદ્યાર્થીઓ નોંધાયેલ હતા. જેની સામે ૭૫૦૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જે પૈકી એ-૧ ગ્રેડ માત્ર ૮૪ વિદ્યાર્થીઓએ હાંસલ કર્યો છે. જ્યારે એ-૨ -૮૦૪, બી-૧ -૧૬૫૮, બી-૨- ૧૯૪૩, સી-૧ -૧૫૯૩, સી-૨- ૬૯૬, ડી- ૬૦ તેમજ ઈ-૧ - ૧ વિદ્યાર્થીઓએ ગ્રેડ હાંસલ કર્યો છે. જ્યારે ઈમ્પ્રુવમેન્ટ જરૂરિયાતવાળા (NI) ૭૧૬ વિદ્યાર્થીઓ છે. અમરેલી જિલ્લાનું સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૧.૧૯% પરિણામ આવ્યું છે.

# પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાના ખબરઅંતર પૂછતા સામાજિક અગ્રણીઓ





અમરેલી, તા.૦૫

અમરેલીના પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાની નાદુરસ્ત તબિયત હોવાને કારણે અમરેલી જિલ્લા ખોડલધામ સમિતિના આગેવાનો દ્વારા તેમના ખબરઅંતર પૂછવામાં આવ્યા હતા. આ તકે વસંતભાઈ મોવલીયા, રમેશભાઈ કાથરોટીયા, સુરેશભાઈ દેસાઈ, કાળુભાઈ સુહાગીયા, નરેશભાઈ સાકરીયા, રાજેશભાઈ ગઢીયા સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## અવસાન નોંધ

**ગોંડલ**

નિર્મળાબેન હરજીવનભાઈ બગડાઈ (ઉ.વ.૮૩)નું તા. ૩ના અવસાન થયેલ છે. તે સ્વ. હરજીવનભાઈ જાદવજી બગડાઈના પત્ની તેમજ ભરતભાઈ, મધુબેન નિલેશકુમાર પાઉ, દીનાબેન કીર્તિકુમાર શિંગાળા, સ્વ. ભાવનાબેન, વર્ષાબેનના માતા તથા ગોપાલભાઈ અને જયકિશનભાઇના કાકી, નિસર્ગભાઈ પાંઉના નાની તેમજ સ્વ. ભગવાનજીભાઈ કટારિયાના દીકરી થાય છે.

**રાજકોટ**

ગુર્જર ક્ષત્રિય કડિયા, પ્રભુદાસ (બચાભાઈ) કલ્યાણજીભાઈ ટાંક (ઉ.વ. ૯૦) નું તા. ૩ના અવસાન થયેલ છે. તે હંસાબેનના પતિ તેમજ સ્વ. નવનીતભાઈ કલ્યાણજીભાઇ ટાંક, ત્રિભુવનભાઈ ઓધવજીભાઈ ટાંકના મોટાભાઇ તેમજ સ્વ. વિઠ્ઠલભાઈ નાનજીભાઈ ટાંકના નાનાભાઈ તથા જયેશભાઈ ટાંકના ભાઇજી તેમજ નવીનભાઇ, રતિલાલભાઈ, પંકજભાઈ વાઘેલાના બનેવી થાય છે.

**રાજકોટ**

સાણથલીવાળા હાલ રાજકોટ પરજિયા સોની દક્ષાબેન શાંતિભાઈ ધકાણ (ઉ.વ. ૬૨) તે શાંતિભાઈ ધકાણના પત્ની તથા મયૂરભાઈ, સંકેતભાઈ, અનિષાબેનના માતા તેમજ સ્વ. અમૃતલાલ જાદવજી સાગરના દીકરી તથા હિતેષભાઈ, ધર્મેન્દ્રભાઈ, હિનાબેનના મોટાબેન તેમજ ભાવેશભાઈ, મિતેષભાઈ અને એકતાબેનના કાકીનું તા.૩ના અવસાન થયું છે.

## નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર, **હંસાબેન મનીષભાઈ ધરજીયા** મારૂ જૂનુ નામ **હંસાબેન મનીષ ધરજીયા** થી બદલીને **હંસાબેન મનીષભાઈ ધરજીયા** કરવામાં આવ્યુ છે. તેથી હવેથી હું આ નામથી ઓળખાઈશ.

## નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર, **મનીષકુમાર હકુભાઈ ધરજીયા** મારૂ જૂનુ નામ **મનીષ હકુભાઈ ધારજીયા** થી બદલીને **મનીષકુમાર હકુભાઈ ધરજીયા** કરવામાં આવ્યુ છે. તેથી હવેથી હું આ નામથી ઓળખાઈશ.


**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 030
સંકુલ M.Sc. માઈક્રોબાયોલોજી - બાયોટેક્નોલોજી કોલેજ
સંકુલ M.Com. ગુજરાતી & ઈંગ્લીશ મિડીયમ કોલેજ
સંકુલ M.A. મનોવિજ્ઞાન - સમાજશાસ્ત્ર - ઈંગ્લીશ કોલેજ
સંકુલ GTU - AICTE માન્ય MBA - MCA કોલેજ
સૌરાષ્ટ્ર ગુજરાતનું નામાંકિત નિવાસી ગર્લ્સ સંકુલ

VOLTAS · beko
VOLTAS
SIMPLIFYING YOUR LIVES
ENHANCING YOUR HOMES





AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS
Visit us at: voltasbeko.com | Follow us at | @Voltas Beko | Voltas Beko | Voltas Beko | Voltas Beko 24 X 7 Customer Care NO: 9818994444
For product registration, SMS<VB> to 56677 | Email: wfcare@voltasbeko.com | www.voltasbeko.com/storelocator
Buy Online at: www.voltas.com
Visit us at www.myvoltas.com To locate your nearest store, log on to : www.myvoltas.com/store-locator
Voltas 24x7 Customer Service - 1860 599 455, 965069455 For product registration, SMS <WTA> to 9829525321 Buy only genuine Voltas stabilizers.
Follow us at My Voltas | My Voltas | My Voltas | Voltas Limited | My Voltas
વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances
**એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન)** મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪

**નિત્યા સ્કીન ક્લિનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
**ડો. જુહી ઠક્કર** M.D. (Skin & VD) ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે ક્લાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
**ડો. પ્રતિક પ્રજાપતિ** M.S. Ortho DNB Ortho FIAS કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00


**મામલતદાર અને તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૪૧/૨૫ તા.૨૪/૦૪/૨૦૨૫

વિવાદી :- રક્ષાબેન મનજીભાઈ વિરાણી,
ઠે. ઢસા ગામ, તા.ગઢડા, જી. બોટાદ, મો.૯૭૨૩૩૨૫૭૯૭
C/O એચ.કે.પઢારીયા એડવોકેટ, લાઠી, મો.૯૮૨૪૨૬૯૯૫૧

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી :- જન્મ મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
મુ.હિરાણા, તા.લાઠી,જિ.અમરેલી

**// જાહેર નોટીસ //**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે. હિરાણા, હાલ-ઢસાગામના રહિશ આ કામના અરજદારશ્રીનો જન્મ તા.૦૧/૦૩/૧૯૮૨ના રોજ હિરાણા, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૭/૦૪/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં **મુદત તા.૦૮/૦૫/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે** વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હકુમ કરવામાં આવશે.

(કોર્ટનો સિક્કો)

સહી,
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

**-:: જાહેર નોટીસ ::-**

ફો.પ.અ.નં.૪૨/૨૦૨૫

**મહે. શ્રી લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.લાઠી**
**અરજદાર તર્ફે વિ.વ.શ્રી જી.સી કોટડીયા રહે. લાઠી**

અરજદાર ::- મેતલીયા જયસુખભાઈ ઝવેરભાઈ ઉ.વ.પુખ્ત ધંધો ખેતીકામ ધર્મે હિન્દુ પટેલ. રહે. મતીરાળા, તા.લાઠી. જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા-જન્મ મરણ નોંધણી ત.ક.મ. અધિકારી મતીરાળા ગ્રામપંચાયત

આથી લાગતા વળગતા સર્વે ને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર મતીરાળાગામના રહેવાસી છીએ અમો અરજદારે અમારા માતા પીતા સ્વ.અનુક્રમે નં. ૧ પીતા નં ૨ માતા ૧-:: મેતલીયા ઝવેરભાઈ હરીભાઈ અવસાન તારીખ ૧૦/૧૧/૧૯૮૦ મરણ સ્થળ મતીરાળા ૨-:: મેતલીયા લાડુબેન ઝવેરભાઈ અવસાન તારીખ ૧/૨/૧૯૮૩ મરણ સ્થળ મતીરાળા ઉપરોકત અમારા માતા પીતાની મરણ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદારના પીતા મેતલીયા ઝવેરભાઈ હરીભાઈ તેમજ માતા મેતલીયા લાડુબેન ઝવેરભાઈનું અવસાન મરણ જે તેખ સમયે મતીરાળા મુકામે મરણ તારીખ ૧૦/૧૧/૧૯૮૦ અને માતા મેતલીયા લાડુબેન ઝવેરભાઈનું મરણ મતીરાળા મુકામે તારીખ ૧/૨/૧૯૮૩ ના રોજ થયેલ છે તે જે અંગેની મરણ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈ ને વાંધો/તકરાર કે હરકત હોય તેમણે મુદત તારીખ ૮/૫/૨૦૨૫ ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતે સવાર/બપોરના ૩:૩૦ કલાકે ઉપસ્થિ રહેવુ તેમ કરવામાં કસુરથયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

**સ્થળ::- લાઠી**
**તારીખ::- ૨૪/૪/૨૦૨૫**

**શીરીસ્તેદાર ઓફ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબ કચેરી**

**એમ.સી.રાજયગુરૂ અને તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૨૭/૨૪ તા.૦૩/૦૪/૨૦૨૫

વિવાદી :- શ્રી દક્ષાબેન લાલજીભાઈ કાકડીયા વા/ઓ હરેશભાઈ બાલાભાઈ રામાણી
મુ.કરકોલીયા, તા.લાઠી, જી.અમરેલી મો.૯૭૨૭૫૩૮૪૧૫
C\O વિપુલભાઈ જે. ઓઝા, મુ. ૨, ગણેશ કોમ્પલેક્ષ,
એસ.ટી.બસસ્ટેન્ડ પાસે, મુ. લાઠી, જી.અમરેલી મો.૯૪૨૬૪૫૬૭૭૫

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
મુ. કરકોલીયા, તા.લાઠી, જિ.અમરેલી

**// જાહેર નોટીસ //**
(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે. કરકોલીયા ગામના રહીશ આ કામના અરજદારશ્રી દક્ષાબેન લાલજીભાઈ કાકડીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૮૦ ના રોજ કરકોલીયા, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૩/૦૮/૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ફેર મુદત તા.૨૪/૦૪/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

(કોર્ટનો સિક્કો)

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

**એમ.સી.રાજયગુરૂ અને તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૯૪/૨૦૨૪ તા.૨૪/૦૪/૨૦૨૫

વિવાદી :- કાકડીયા અરવિંદભાઈ સવજીભાઈ
ઠે.રહે.૬૩, સરસ્વતી સોસાયટી, સરથાણા જકાતનાકા, કામરેજ રોડ,
સુરત-૩૯૫૦૦૬ મો.૯૯૨૫૦૬૦૫૧૧
C\O વિપુલકુમાર જે. ઓઝા, ૨-ગણેશ કોમ્પલેક્ષ,
એસ.ટી.બસસ્ટેન્ડ પાસે, લાઠી

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત જરખીયા, તા.લાઠી, જિ.અમરેલી

**// જાહેર નોટીસ //**
(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે. જરખીયા ગામના રહિશ આ કામના અરજદારશ્રી કાકડીયા અરવિંદભાઈ સવજીભાઈનો જન્મ તા.૦૧/૦૪/૧૯૮૪ ના રોજ જરખીયા, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૭/૧૨/૨૦૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૫/૦૫/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

(કોર્ટનો સિક્કો)

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

# જાફરાબાદમાં અસામાજિક તત્વોના બાંધકામ પર તંત્રએ ફેરવ્યું બુલડોઝર

**તંત્રની કડક કાર્યવાહીથી અસામાજિક તત્વોમાં ફફડાટ**



અમરેલી,તા.૦૫

જાફરાબાદ શહેરમાં બે તોફાની તત્વો સામે કાર્યવાહી કરવામાં આવી છે. કોળીવાડ વિસ્તારના સંજયભાઈ નારણભાઈ બારૈયાએ તેમના કાકાના મકાન આગળ ગેરકાયદે પાર્કિંગ અને બાંધકામ કર્યુ હતું. બીજા કિસ્સામાં, લાઈટ હાઉસ રોડ પર ઇરફાનભાઈ ઉર્ફે વાસ્તવ હનીફભાઈ થૈયમે પોતાના મકાનમાં દબાણ કર્યુ હતું. નગરપાલિકાએ પોલીસ બંદોબસ્ત સાથે આ ગેરકાયદે બાંધકામો તોડી પાડ્યા છે. આ કાર્યવાહીથી અસામાજિક તત્વોમાં ફફડાટ ફેલાયો છે. આ પહેલા જિલ્લાના વિવિધ શહેરોમાં અસામાજિક તત્વોના ગેરકાયદે બાંધકામ તોડી નાખવામાં આવ્યા હતા. તંત્રની કડક કાર્યવાહીથી અસામાજિક તત્વોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો.

# રાજુલામાં જુદી જુદી ત્રણ સંસ્થાએ દિલીપ સંઘાણીના હસ્તે શરૂ



અમરેલી,તા.૦૫

રાજુલામાં માર્કેટીંગ યાર્ડમાં ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના અધ્યક્ષ સ્થાને ત્રિવિધ કાર્યક્રમ યોજાયા હતા. સમગ્ર કાર્યક્રમનું પૂર્વ ધારાસભ્ય અંબરીષ ડેર દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજુલા તાલુકા કૃષિ સેવા સહકારી મંડળી, આલ્હા ક્રેડિટ કો-ઓપરેટીવ સોસાયટી, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી આ ત્રણ સંસ્થા આજથી શરૂ કરવામાં આવી હતી. જેમાં પૂર્વ ધારાસભ્ય અંબરીષ ડેર દ્વારા આજથી ખેડૂતો માટે કૃષિ સેવા સહકારી મંડળી શરૂ કરવામાં આવી છે. સહકારી પ્રવૃત્તિઓ વધુ વેગવંતી કરવા માટે અને જુદી જુદી ૩ સંસ્થાનું સહકારી નેતા દિલીપભાઈ સંઘાણીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. અંબરીષભાઈ ડેરે જણાવ્યું હતું કે ભારત દેશ જ્યારે આઝાદ થયો ત્યારે જે તે સમયે દરેક રાજકીય પક્ષના લોકોએ સહકારી પ્રવૃત્તિ વધુ વેગવંતી બને તેવા પ્રયાસો કર્યા હતા. આજે રાજુલા શહેરમાં ૩ વિવિધ પ્રકલ્પોનો શુભારંભ કરવામાં આવ્યો છે. આ તકે અશ્વિનભાઈ સાવલીયા, જે.પી.ડેર, ભાવનાબેન ગોંડલીયા સહિતના આગેવાનો હાજર રહ્યાં હતા.

# સાવરકુંડલામાંથી અંધારામાં લપાતા છુપાતા ચાર પકડાયા

**ચોરીના ઈરાદે ફરતા હતા**

સાવરકુંડલા, તા.૦૫

સાવરકુંડલામાંથી પોલીસે ચોરીના ઈરાદે અંધારામાં લપાતા છુપાતા ચાર ઈસમોને ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી. કમલેશભાઈ બાબુભાઈ જીયાણી (ઉ.વ.૪૨), મનુભાઈ નારણભાઈ ડુબાણીયા (ઉ.વ.૩૮), રશ્મિભાઈ ઉર્ફે દામભાઈ કેશુભાઈ રાઠોડ (ઉ.વ.૫૦) તથા ઇરફાનશા ઇકબાલશા રફાઇ (ઉ.વ.૩૨) રાત્રીના અંધારામાં લપાતા છુપાતા કોઇ કોગ્ની. ગુનો કરવાના ઈરાદે સૂર્યાસ્તથી સૂર્યોદયના સમયગાળામાં રખડતા ભટકતા મળી આવ્યા હતા. પોલીસે ઈસમોને ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

# બગસરા પટેલ વાડી ખાતે મા-દીકરી સ્નેહમિલન કાર્યક્રમ, સાયબર ક્રાઈમ અંગે માહિતગાર કરાયા



બગસરા,તા.૦૫

અમરેલી સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન દ્વારા રવિવારના રોજ બગસરા પટેલવાડી ખાતે સનાતન ગ્રુપ – બગસરાના સહયોગથી "મા દીકરી સ્નેહમિલન" કાર્યક્રમમાં સાયબર ક્રાઈમ જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં મહિલાઓને સાયબર સુરક્ષા સંબંધિત માહિતી આપવામાં આવી હતી અને સાયબર ક્રાઈમ અંગે જાગૃતિ લાવવા માટે પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. સેમિનારમાં સ્ક્રીન શેરિંગ એપ્લિકેશન, ઓટીપી ફ્રોડ, કસ્ટમર કેર નંબર ફ્રોડ, ફિશિંગ ચાર્જ ફ્રોડ, ન્યૂડ વીડિયો કોલ અને આર્મીમેનના નામે થતી છેતરપિંડી જેવી વિવિધ સાયબર ક્રાઈમની પદ્ધતિઓ વિશે માહિતી આપવામાં આવી હતી. નાગરિકો સાયબર ક્રાઈમનો ભોગ ન બને અને આ અંગે જાગૃત રહે તે માટે સાયબર ક્રાઈમ પ્રિવેન્શન અને અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# અમરેલી શહેરમાં વિદ્યાર્થિનીએ ફિનાઈલ પીતા સારવારમાં ખસેડાઈ

અમરેલી,તા.૦૫

અમરેલી શહેરમાં રહેતી એક વિદ્યાર્થિનીએ ફિનાઈલ પીતાં ચકચાર મચી ગઈ હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ૨૫ વર્ષની વિદ્યાર્થિની બી.એસ.સી. નર્સિંગનો કોર્ષ કરતી હતી તે સમયે વાહન અકસ્માત થતા માથાના ભાગે ઇજા થતા અભ્યાસ છોડી દીધો હતો. ત્યાર બાદ ફિઝ્યોથેરાપીસ્ટનો ૪ વર્ષનો કોર્ષ કર્યો હતો. હાલ અલગ અલગ પરીક્ષાઓ આપવા છતા ફિઝ્યોથેરાપીસ્ટ ડોકટર તરીકે એપોઈમેન્ટ મળતી નહોતી. જે વાતનું મનમાં લાગી આવતા ઘરના બાથરૂમમાં પડેલી ફિનાઈલની બોટલમાંથી એક ઘુંટડો પોતાની મેળે પી લીધો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જીતેન્દ્રભાઈ જીવરાજભાઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

**પોલીસની ફરજમાં રૂકાવટ કરી**

# ધારીના ધારગણી ગામના શખ્સે ચલાલાના પીઆઈને ફોનમાં બીભત્સ ગાળો આપી

**જાનથી મારવાની ધમકી પણ આપી**

ચલાલા, તા. ૦૫

ધારી તાલુકાના ધારગણી ગામના ધીરૂભાઈ ઉર્ફે ઘુઘાભાઈ રામકુભાઈ વાળા સામે ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના માણેકપુર ગામના કાનાભાઈ નાનજીભાઈ શિયાળે ફોન ઉપર બળજબરી નાણા મેળવવા માંગણી કરી જાનથી મારી નાખવાની ધમકી, બેફામ ગાળો આપી હતી. જે અંગેની રજૂઆત તેમણે પોલીસમાં કરી હતી. આ બાબતે તપાસ કરવા આરોપીના રહેણાંક મકાને જતા હાજર નહોતા મળ્યા. જેથી તેના મોબાઈલ નંબર પર ફોન કરી આરોપીને પીઆઈ ચલાલા પોલીસ સ્ટેશન હોવાની ઓળખાણ આપી હતી. તેમની કાયદેસરની ફરજ દરમિયાન તેઓને ફોનમાં જેમ ફાવે તેમ બીભત્સ ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી ફરજમાં રૂકાવટ કરી હતી. ચલાલા પોલીસ સ્ટેશનના એએસઆઈ નિરજકુમાર ભીખાલાલ દાફડા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં સાવરકુંડલા ચોકડી પર બોલેરોની ટક્કરથી એકનું મોત

**એકને ગંભીર ઈજા પહોંચી**

અમરેલી, તા.૫

અમરેલીમાં સાવરકુંડલા ચોકડી પર બોલેરોની ટક્કરથી એક યુવકનું મોત થયું હતું. બનાવ અંગે બળવંતભાઈ મોતીભાઈ પરમાર (ઉ.વ.૫૦) એ મેહુલભાઈ કૈલાશભાઈ રાઠોડ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, ત્હોમતદારે જણાવ્યા મુજબ જી.જે.- ૩૩ - ટી-૧૦૧૧ ની બોલેરો સ્લીપ મારતા ગાડી ગેરમાં હોવા છતાં આગળ ચાલવા લાગી હતી. જેની સાથે તેમનો દીકરો હિતેષ તથા વિવેક સાથે ભટકાયા હતા. તેમના પુત્રને ગંભીર ઈજા થવાથી મોત થયું હતું, જ્યારે વિવેકને ઈજા પહોંચી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર. ડી. કુવાડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

**દંપતીમાં ડખાની ચકચારભરી ઘટના**

# પત્ની સાસરીમાં રહેવા માંગતી ન હોવાથી પતિએ હાથ પર બ્લેડના ઘા માર્યા

**સાવરકુંડલા શહેરમાં બનાવ બન્યો**

સાવરકુંડલા, તા.૫

સાવરકુંડલા શહેરમાં એક યુવકને તેની પત્ની સાસરીમાં રહેવા માંગતી ન હોવાથી માથાકૂટ થતી હતી. પત્ની પિયર જતી રહી હતી અને સાસરીમાં આવવા માંગતી ન હોવાથી પતિને લાગી આવતાં તેણે હાથ પર બ્લેડના ઘા માર્યા હતા. મૂળ ખાંભાના મોટા સમઢીયાળા ગામના અને હાલ સાવરકુંડલામાં રહેતા સુરજભાઈ જયંતિભાઈ દાફડા (ઉ.વ.૨૨)એ જાહેર કર્યા મુજબ, તેમને તેની પત્ની નિર્મળાબેન સાથે પાંચ મહિનાથી સાસરે રહેવા બાબતે માથાકૂટ થતી હતી. જેથી પત્ની રાજકોટ પીયરમાં જતી રહી હતી અને સાસરે આવવા માંગતી ન હોતી. આ વાતનું લાગી આવતાં તેમણે પોતાની મેળે બ્લેડ વડે બંને હાથના કાંડા પર ચેકા માર્યા હતા. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જીતેન્દ્રભાઈ જીવરાજભાઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: નોમ
તા. ૦૬-૦૫-૨૦૨૫, મંગળવાર, સૂર્યોદય-૦૫:૩૬, સૂર્યાસ્ત-૦૬:૫૯, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: માઘ

## દૈનિક રાશિફળ

**તા.૦૬-૦૫-૨૦૨૫ મંગળવાર**

મેષ: સ્વાસ્થ્ય બાબતે સાચવીને કામ કરવું તેમજ ખોટા નિર્ણયો નુકસાન કરાવશે અને નાણાકીય વ્યવહારમાં સાચવવું, પરિવારના કામમાં ધ્યાન આપવું.

વૃષભ: સંતાનના સ્વાસ્થ્યમાં કાળજી રાખવી તેમજ કામકાજમાં અપજશથી બચવું અને આવકના પ્રમાણમાં જાવક વધશે, કોઈપણ કામમાં બંધાયેલા રહેશો.

મિથુન: આકસ્મિક ધનલાભના યોગો જણાય છે તેમજ લાંબા રોકાણ માટે સમય સાચવવા જેવો છે અને પરિવારનો ભરપૂર સહયોગ મળશે.

કર્ક: વડીલોના આશીર્વાદથી લાભ થશે તેમજ કોઈ નજીકના સંબંધીથી સહયોગ મળશે અને ધંધામાં સારી આવક પ્રાપ્ત થશે તેમજ વાહનના યોગ સારા બને છે.

સિંહ: ભાગ્યોદય માટે ઉજળી તક મળશે અને નિર્ણયો સમજી-વિચારીને લેવા અને મિત્રો સાથે થોડો મતભેદ જણાશે, મુસાફરીના યોગ જણાય છે.

કન્યા: આરોગ્ય બાબતે સાચવવું તેમજ પ્રતિસ્પર્ધીથી સાવધાન રહેવું અને કોઈપણ રોકાણોમાં કાળજી રાખવી તેમજ નોકરીયાતને કામમાં મહેનત વધશે.

તુલા: ભાગીદારીવાળા કામથી લાભ થશે અને ધંધાકીય વ્યવહારોમાં લાભ થશે તેમજ દામ્પત્ય જીવનમાં ચણભણ રહેશે અને લેવડ-દેવડમાં કાળજીથી કામ લેવું.

વૃશ્ચિક: રોગ અને શત્રુ તરફથી સાવધાન રહેવું તેમજ શેરબજારમાં સારો લાભ થશે અને વ્યવસાયમાં નવા કોન્ટ્રાક્ટ મળશે તેમજ યાત્રા-પ્રવાસના યોગ બને છે.

ધન: બૌદ્ધિકોને મહેનતનું પરિણામ મળશે તેમજ વ્યવસાયમાં નવી તકો મળશે અને સમય આપને અનુકૂળ બનશે અને કામની કદર થાય, માન વધે.

મકર: માતાની સેવાથી લાભ થાય તેમજ પરિવાર સાથે પ્રેમ કેળવાય અને સારા કામમાં યાત્રાનું આયોજન થાય તેમજ ખોટા ખર્ચમાં વધારો થશે.

કુંભ: ઘરમાં વડીલોથી ઉત્તમ લાભ થશે તેમજ સંપત્તિને લગતા કાર્યોમાં સહયોગ મળશે અને વ્યવસાયમાં સામાન્ય સમસ્યાઓ રહેશે.

મીન: ધનનું સારું સુખ મળશે તેમજ પરિવારમાં તણાવ રહેશે અને નાના-મોટા રોકાણમાં લાભ થશે, જમીનને લગતા કામમાં ફાયદો થશે.

**બગસરા શહેરનો બનાવ**

# જૂની માથાકૂટના મનદુ:ખમાં મંડપ સર્વિસના ધંધાર્થીને જાનથી મારવાની ધમકી આપી

બગસરા, તા. ૦૫

બગસરા શહેરમાં મંડપ સર્વિસના ધંધાર્થીને જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ સંદર્ભે ભાવિકભાઈ રમેશભાઈ સિદ્ધપુરાએ ચિરાગ જાદવ, ભુરો જાદવ, યશ મનીષભાઈ ગોહીલ, તરૂણ શેખ તથા કિશન સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમને અગાઉ નિલેશભાઈ ગોહીલ સાથે માથાકૂટ થઈ હતી. જેનું મનદુઃખ રાખી આરોપીઓએ એકસંપ કરી ગેરકાયદે મંડળી રચી તેમની પાસે આવી જેમફાવે તેમ ગાળો આપી હતી. ઉપરાંત 'તે થોડા દિવસ પહેલા અમારા કુટુંબી નિલેશભાઈ સાથે કેમ માથાકૂટ કરી હતી' તેમ કહી હાથમાં રહેલા પાઈપ વડે ફટકાર્યો હતો. તેમજ ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. ભુરો જાદવે તેમને ડરાવવા સારૂ છરી બતાવી હતી. જતાં જતાં તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બગસરા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ એસ.એસ. ડામોર વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભાના ડેડાણ ગામે અવેડામાં પડી જતાં યુવકનું કરૂણ મોત

**મૃતકને વાયની બીમારી હતી**

ખાંભા, તા.૦૫

ખાંભાના ડેડાણ ગામે રહેતા એક યુવકને ચક્કર-વાયની બીમારી હતી. બે દિવસ પહેલા યુવક અવેડા પાસે બેઠો ત્યારે આ બીમારીના કારણે અવેડામાં પડી ગયો હતો. જેથી પાણી પી જવાથી તેનું મૃત્યુ થયું હતું. બનાવ અંગે વિહાભાઈ નાનજીભાઈ ચૌહાણ (ઉ.વ.૫૫)એ જાહેર કર્યા મુજબ, મહેશભાઈ વિહાભાઈ ચૌહાણને બે વર્ષથી ચક્કર-વાયની બીમારી હતી. જેથી ડેડાણ ગામે બાપા સીતારામ ચોકડીએ અવેડા પાસે બેઠો હતો. આ દરમિયાન ચક્કર આવતાથી અવેડામાં પડી જવાથી પાણી પી જતાં મરણ પામ્યો હતો.

# સા.કુંડલામાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો મળી

**મોટી કુંકાવાવ ગામેથી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ**

અમરેલી, તા.૦૫

અમરેલી જિલ્લામાં પોલીસ પ્રોહિબિશનની પ્રવૃત્તિ કરતાં ઈસમો પર ભીંસ વધારી રહી છે. સાવરકુંડલામાં અમરેલી રોડ પર બાયપાસ પુલ નીચેથી પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થો ઝડપ્યો હતો. અરૂણભાઈ રાજુભાઈ મકવાણા (ઉ.વ.૨૮) પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૩૪ બોટલ મળી કુલ ૫૩૯૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. વંડા ગામે દેવીપૂજક વાસમાંથી ૧૫ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. મોટી કુંકાવાવ ગામેથી દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ઝડપાઈ હતી. અહીંથી ૫૦ લીટર દેશી દારૂ બનાવવાનો આથો સહિત ૧૬૫૦ રૂપિયાનો મુદ્દામાલ મળ્યો હતો. જિલ્લામાંથી ૧૦ ઈસમો નશામાં વાહન ચલાવતાં પકડાયા હતા.

# ચાપાથળ ગામે પુત્રને હોસ્ટેલમાં મુકવા મુદ્દે દંપતીમાં ડખો થયો

અમરેલી, તા.૦૫

અમરેલીના ચાપાથળ ગામે પુત્રને હોસ્ટેલમાં મુકવા મુદ્દે દંપતીમાં ડખો થયો હતો. જેથી પત્નીને સારું નહીં લાગતાં અનાજમાં નાખવાના ઝેરી ટિકડા પી લીધા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ. એન. જાદવ વધુ તપાસ કરી રહ્યા છે. બાંભણીયા ગામે એક મહિલાને રાત્રે પાણીની તરસ લાગતા પાણીયારે પાણી પીવા ગયા હતા. અંધારામાં પાણીના બદલે એસિડની બોટલમાંથી ઘૂંટડો ભરી લેતા સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. અમરેલીના બટારવાડીમાં દુખાવાથી કંટાળીને એસિડ પીનારી પરિણીતાનું સારવારમાં મોત થયું હતું.

**બટારવાડીમાં એસિડ પીનાર મહિલાનું મોત**

# જિલ્લામાંથી ૧૪ પ્યાસી પકડાયા

અમરેલી, તા.૦૫

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી ૧૪ ઈસમોને કેફી પીણું પીધેલી હાલતમાં ઝડપી પાડ્યા હતા. વડીયા અને સાવરકુંડલામાંથી ૩-૩ ઈસમો નશાયુક્ત હાલતમાં ઝડપાયા હતા. બગસરાના સમઢીયાળા ગામ નજીકથી એક લીટર, ખારા ગામેથી ૫ લીટર તથા સાવરકુંડલામાંથી ૫ લીટર મળી કુલ ૧૧ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

# અમરેલીમાં પતિએ દારૂ પીને પત્નીના વાળ પકડી ઢીકાપાટુ માર્યા

અમરેલી, તા.૦૫

અમરેલીમાં રહેતી એક પરિણીતાને તેના પતિએ દારૂ પીને વાળ પકડીને ઢીકાપાટુ માર્યા હતા. કાજલબેન આશિષભાઈ મકવાણા (ઉ.વ.૨૮)એ પતિ આશિષભાઈ પોપટભાઈ મકવાણા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, પતિએ દારૂ પીને ઘરે આવી તેમને જેમ તેમ ગાળો આપી હતી. તેમજ વાળ પકડી ઢીકાપાટુનો માર માર્યો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશના પ્રો. પીએસઆઈ આર.ડી. કુવાડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# પાકિસ્તાનની સેના હિંમત હારી ચૂકી છે

જે લશ્કર માનસિક રીતે હિંમત હારી જાય છે તે યુદ્ધના મેદાનમાં કોઈ દિવસ જીતી શકે નહીં. ૧૯૭૧ માં હજારોની સંખ્યામાં પાકિસ્તાનનું સૈન્ય હોવા છતાં તેને સરણાગતિ સ્વીકારી કારણ કે તે માનસિક રીતે હારી ચૂક્યા હતા. આવી જ રીતે હજુ તો યુદ્ધ શરૂ નથી થયું ત્યાં પાકિસ્તાનની અંદર ભયનો માહોલ છે. પાકિસ્તાનના નેતાઓ ટીવીમાં ચિંતાતુર અને ભયગ્રસ્ત દેખાય છે આમ છતાં તેઓ ભારતને ધમકી આપવાનું ચૂકતા નથી. જો ભારત સાથે યુદ્ધ થાય તો પાકિસ્તાન ૪ દિવસ પણ ટકી શકશે નહીં. તેની પાસે ભારત સામે લડવા માટે દારૂગોળો નથી. ૩૦૦૦ કરતા વધુ ટેન્કો છે પરંતુ આ ટેન્કોમાં પૂરવા માટે ડીઝલ નથી. ડીઝલનો પુરવઠો ખૂબ ઓછો હોવાથી એની પાસે ટેંકો હોવા છતાં આ ટેંકોનો ઉપયોગ ભારત વિરુદ્ધ પાકિસ્તાન કરી શકે તેમ નથી આ ઉપરાંત બખ્તરબંધ ગાડીઓ જે યુદ્ધમાં મહત્વનો ભાગ ભજવે છે તે પણ પાકિસ્તાન પાસે સેકડોની સંખ્યામાં છે પરંતુ તેને ચલાવવા માટે ડીઝલનો પુરવઠો ન હોવાથી પાકિસ્તાન તેનો યુદ્ધમાં ઉપયોગ કરી શકશે નહીં. બીજી બાજુ પાકિસ્તાને પેટ્રોલ પંપ ઉપર ડીઝલના વેચાણ પર બંધી ફરમાવી છે. આ ડીઝલનો ઉપયોગ તે યુદ્ધ મોરચે કરવા માંગે છે આથી તે રિઝર્વ પુરવઠો રાખવા માંગે છે. આવું જ પેટ્રોલનું છે પેટ્રોલ ઉપરાંત સીએનજીનો પુરવઠો પણ અતિ મર્યાદિત છે. ઈંધણ ન હોવાથી પાકિસ્તાન આ યુદ્ધમાં લાંબુ ટકી શકે નહીં તે હકીકત છે. તેની પાસે મિસાઈલ છે પરંતુ આ મિસાઈલને ફાઈટર જેટ પર અથવા તો યુદ્ધ જહાજો પર ફીટ કરવાની ટેકનોલોજી નથી. તેની પાસે જે હથિયાર છે તે મોટાભાગે ચાઈનાની બનાવટના છે અને તે વર્ષો જૂના છે તેમાં ટેકનિકલ અપગ્રેડેશન થયું નથી. આથી હથિયાર અણીના સમયે કામ ન આપે તેવું બની શકે આથી પાકિસ્તાન યુદ્ધમાં લાંબુ ટકી શકે તેમ નથી તે હકીકત છે. ભારત વિરુદ્ધ પાકિસ્તાન યુદ્ધના મેદાનમાં સામસામે છે. જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી રહ્યો છે. દુનિયાને બતાવવા માટે, પાકિસ્તાન મિસાઈલ પરીક્ષણો કરી રહ્યું છે અને તેની સેનાને મજબૂત બનાવવામાં વ્યસ્ત છે, પરંતુ સત્ય આનાથી ઘણું દૂર છે. ગુપ્તચર અહેવાલો અનુસાર, પાકિસ્તાન પાસે હવે સંપૂર્ણ યુદ્ધમાં ચાર દિવસ પણ ટકી શકે તેટલો દારૂગોળો નથી. એપ્રિલ ૨૦૨૫ માં, X પરની એક પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે પાકિસ્તાનની લશ્કરી તૈયારીઓ અત્યંત નબળી સ્થિતિમાં છે. જો ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ સર્જાય તો પાકિસ્તાન પાસે ફક્ત ત્રણ-ચાર દિવસ લડવા માટે પૂરતો દારૂગોળો રહેશે. તાજેતરના મહિનાઓમાં પાકિસ્તાને યુક્રેનને મોટા પ્રમાણમાં દારૂગોળો નિકાસ કર્યો છે. પરિણામે પાકિસ્તાનની પોતાની સંરક્ષણ ક્ષમતાઓ ખૂબ જ નબળી પડી ગઈ. ફેબ્રુઆરી અને માર્ચ ૨૦૨૩ વચ્ચે, પાકિસ્તાને યુક્રેનને લગભગ ૪૨,૦૦૦ BM-૨૧ રોકેટ, ૬૦,૦૦૦ ૧૫૫ mm હોવિત્ઝર શેલ અને ૧.૩ લાખ ૧૨૨ mm રોકેટ મોકલ્યા, જેનાથી તેને $૩૬૪ મિલિયનની કમાણી થઈ. એવું કહેવાય છે કે આ રકમનો ૮૦ ટકા હિસ્સો સીધો રાવલપિંડીમાં પાકિસ્તાન આર્મી હેડક્વાર્ટરમાં ગયો હતો. આ વર્ષે, પાકિસ્તાનની શસ્ત્ર નિકાસ આવક $૧૩ મિલિયનથી વધીને $૪૧૫ મિલિયન થઈ ગઈ છે. પરંતુ સોદાબાજીની આ રમતમાં પાકિસ્તાને પોતાના હાથ કાપી નાખ્યા છે. આજે પરિસ્થિતિ એવી છે કે તેની પાસે ન તો દારૂગોળો છે, ન તો સંયમ છે, ન તો વિશ્વસનીય રાજદ્વારી નેતાગીરી છે.

# ચાઇના-અમેરિકા વચ્ચેના વ્યાપાર યુદ્ધનો સૌથી મોટો લાભ ભારતને મળશે

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

લોકપ્રિયતાની ટોચે બિરાજતા અને સૌથી વધુ વેચાતા આઈફોનનું ઉત્પાદન હાલમાં ચીનમાં થાય છે. અમેરિકાએ ત્યાંની ફેક્ટરી તાત્કાલિક બંધ કરી ભારતમાં તેનું ઉત્પાદન શરૂ કરવાનો નિર્ણય લીધો છે. અમેરિકામાં વેચાતા એપલ ભારતમાં બનશે, ટૂંકમાં ચીનમાં એપલનું ઉત્પાદન બંધ કરી દેવાશે. શેરબજારમાં થોડા સમયથી તેજી જોવા મળે છે તેની પાછળના એક કરતાં વધુ કારણો છે પરંતુ મુખ્ય કારણ વિશ્વની નંબર વન કંપની એપલનું ભારતમાં શિફ્ટીંગ પણ છે. માર્કેટ કેપની દ્રષ્ટીએ વિશ્વની ટોચની પાંચ કંપનીમાં એપલ(૩.૪૧૯ ટ્રિલીયન ડોલર), એનવિડિયા (૩.૨૭૧ ટ્રિલીયન ડોલર), માઈક્રોસોફ્ટ (૩.૦૯૪ ટ્રિલીયન ડોલર), એમેઝોન (૨.૪૭૦ ટ્રિલીયન ડોલર) અને આલ્ફાબેટ(૨.૨૮૨ ટ્રિલીયન ડોલર) આવે છે. છેલ્લા કેટલાક દિવસોથી ખાસ કરીને ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકામાં સત્તાના સૂત્રો સંભાળ્યા તે સાથે જ ટેરિફનું શસ્ત્ર અનેક દેશો સામે ઉગામ્યું હતું. ડોનાલ્ડ ટ્રમ્પના ૧૦૦ દિવસના શાસનની ભારતને મળેલી સૌથી મોટી ભેટ એપલ કંપનીનું ભારતમાં સ્થળાંતર છે. એપલના સીઈઓ ટીમ કૂકે જાહેર કર્યું હતું કે અમેરિકામાં વેચાતા આઈફોનનું ઉત્પાદન હવેથી ભારતમાં થશે. ભારત માટે આ જાહેરાત મહત્વની એટલા માટે છે કે વૈશ્વિક બિઝનેસનો પવન જે ટોચની પાંચ કંપનીઓ પર આધારીત છે તેમાં ટોપ પર એપલ કંપની છે. ભારતમાં એપલનો ફોન લોકપ્રિયતાના શિખરે છે આપણે ત્યાં તંદુરસ્ત આરોગ્ય માટે "ઈટ એપલ એ ડે કીપ્સ ડોક્ટર્સ અવે" એમ કહીને રોજ એક એપલ (સફરજન) ખાવાની સલાહ અપાતી હતી. હવે વિશ્વની સૌથી મોટી કંપની એપલ જ્યારે ભારતમાં આવશે ત્યારે ભારતની આર્થિક તંદુરસ્તી સુધરી શકશે અને અન્ય કંપનીઓને ભારતમાં ખેંચી લાવવામાં ઉપયોગી બની શકશે. બે મહાસત્તા અમેરિકા અને ચીન વચ્ચેની કોલ્ડવોર ટ્રમ્પે ઉગામેલા ટેરિફના શસ્ત્ર બાદ વધુ પેચીદી બની હતી. ચીનથી માલ સામાન પર વધુ ટેરિફ લગાવીને ટ્રમ્પે ચીનમાં એપલનું ઉત્પાદન કરતી કંપનીને મૂંઝવી મારી હતી. ચીનમાં બનતા એપલ ફોન અમેરિકામાં વેચવા મુકાય તો વધુ ટેરિફને કારણે ગ્રાહકોને વધુ નાણાં ચૂકવવા પડે તેથી લાંબે ગાળે લોકો એપલથી મોં ફેરવી લે એવી શક્યતા જણાતા હવે અમેરિકામાં વેચાતા એપલ ભારતમાં બનશે એવી જાહેરાત કરી દેવાઈ છે. બે દિવસ પહેલાં એપલની મૂવમેન્ટ એવી હતી કે અમેરિકામાં વેચાતા એપલ ફોનનું ઉત્પાદન ચીનમાં થાય છે. જેમાં અડધો અડધ કાપ મુકાશે અને બાકીનું અડધું ઉત્પાદન ભારતમાં કરાશે. પરંતુ હવે ટીમ કૂકે કહ્યું છે કે અમેરિકામાં વેચાતા તમામ એપલ ફોનનું ઉત્પાદન ભારતમાં થશે. ભારતમાં શિફ્ટ થશે તો તેની પ્રોડક્ટની બજાર કિંમતમાં બહુ ફેર નહીં પડે. ચીનમાં સસ્તું લેબર હોવાથી એપલ ફોનના ઉત્પાદનનો ખર્ચ ૯૩૮ ડોલર આવે છે તો ભારતમાં તે ખર્ચ ૧૦૦૦ ડોલર આવશે. જે માંડ બે ટકા વધારે કહી શકાય. એપલનું વેચાણ દિવસે દિવસે વધતું જાય છે. હવે ચીનમાં ઉત્પાદિત આ ફોનની કિંમત



ટેરિફને કારણે વધી જાય તેમ છે આથી તેનું ઉત્પાદન ભારતમાં કરવા માટે નિશ્ચય કરવામાં આવ્યો છે જે ભારત માટે ફાયદાકારક છે. ભારતમાં એપલના ફોનની ઉત્પાદન ક્ષમતા વધારવામાં આવશે. ભારતમાં તૈયાર થતા એપલના આઈફોન તેમજ અન્ય ઈલેક્ટ્રોનિક ઉત્પાદનોની માત્રામાં વધારો કરવા તૈયારી કરાઈ છે. જેમકે ટાટા ઈલેક્ટ્રોનિક્સનો નવો પ્લાન્ટ તમિલનાડુના હીસાર ખાતે તાજેતરમાં શરૂ કરાયો છે. અન્ય એક પ્લાન્ટ ફોક્સકોન મારફતે ૨.૬ અબજ ડોલરમાં ઉભો કરાયો છે. તાઈવાનની કંપનીનો આ પ્લાન્ટ બેંગલુરૂની નજીક છે. આ પ્લાન્ટ છે જે વર્ષોથી એપલ ફોનનું ઉત્પાદન કરે છે. દર કલાકે એપલના નવા આઈફોન સીક્સટીન અને સીક્સટીન-E મોડલ ૩૦૦થી ૫૦૦ જેટલા મોબાઈલ તૈયાર કરી શકે એ રીતની મશીનરી ગોઠવાઈ છે. બેંગલુરૂના પ્લાન્ટમાં ૨૦૨૭ સુધીમાં ૫૦,૦૦૦ લોકો માટે જોબ ઉભી થશે. આઈફોન પરની ટેરિફ ચીન કરતાં ઓછી છે જેના કારણે એપલ ભારતમાં શિફ્ટ થઈ રહ્યું છે. ચીન ઉપરાંત વિયેટનામમાં પણ એપેલ ફોન તેમજ તે સિવાયની એપલ પ્રોડક્ટનું ઉત્પાદન કરાય છે. પરંતુ મોટા ભાગના એપલના ઉત્પાદનો ચીનમાં તૈયાર થતા આવ્યા છે. ચીનથી અમેરિકા મોકલાતા એપલના મોબાઈલ બંધ કરાયા પછી ભારતે બાજી મારી લીધી છે. ચીનમાં ઉત્પાદન કરીને અમેરિકા મોકલાતા મોબાઈલની સિસ્ટમ બંધ થઈ છે. હવે ચીનમાં એપલ મોબાઈલનું કોઈ પણ ઉત્પાદન નહીં કરવાનો નિર્ણય લેવા વિચારી રહી છે. એપલ ભારતમાં આઈફોનનું ઉત્પાદન મોટા પાયે કરી રહી છે. માર્ચ ૨૦૨૫ સુધીના ૧૨ મહિનામાં ભારતમાં ૨૨ બિલિયન ડોલરના આઈફોનનું ઉત્પાદન થયું છે, જે વાર્ષિક ધોરણે ૬૦% નો વધારો દર્શાવે છે. હવે વૈશ્વિક સ્તરે ઉત્પાદિત થતા દરેક પાંચ આઈફોનમાંથી એક ભારતમાં બને છે. એપલના મુખ્ય ઉત્પાદન ભાગીદારો ફોક્સકોન અને ટાટા ઈલેક્ટ્રોનિક્સ ભારતમાં ઉત્પાદન કરે છે. તામિલનાડુ અને કર્ણાટકમાં મુખ્યત્વે આઈફોન એસેમ્બલ કરવામાં આવે છે. એપલ હવે ભારતમાં તેના સમગ્ર આઈફોન મોડેલની શ્રેણીનું ઉત્પાદન કરે છે, જેમાં મોંઘા ટાઈટેનિયમ પ્રો મોડેલ્સનો પણ સમાવેશ થાય છે. એપલ ચીન પરની નિર્ભરતા ઘટાડીને ભારતને વૈશ્વિક ઉત્પાદન હબ તરીકે વિકસાવી રહી છે. ફોક્સકોન બેંગલુરુમાં એક નવું ૩૦૦ એકરનું ઉત્પાદન યુનિટ સ્થાપી રહી છે, જે ચીન પછીનું તેનું સૌથી મોટું યુનિટ બનશે. ટાટા ઈલેક્ટ્રોનિક્સ પણ આઈફોનના ઉત્પાદનમાં એક મહત્વપૂર્ણ ભાગીદાર તરીકે ઉભરી આવ્યું છે. એપલના સીઈઓ ટિમ કૂકે ભારતમાં ચાર નવા એપલ સ્ટોર્સ ખોલવાની યોજનાની જાહેરાત કરી છે, જે બેંગલુરુ, પુણે, દિલ્હી-એનસીઆર અને મુંબઈમાં ખુલવાની સંભાવના છે. એપલના ઉત્પાદનો અધિકૃત રિસેલર્સ અને ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા પણ ભારતમાં ઉપલબ્ધ છે. એપલનું બેંગલુરુમાં એક મોટું ઓફિસ કેમ્પસ છે, જેમાં મોટી સંખ્યામાં કર્મચારીઓ કાર્યરત છે અને તેમાં લેબ્સ અને કોલોબરેશન સ્પેસ જેવી સુવિધાઓ છે. એપલ ભારતમાં તેની કામગીરી માટે સ્વચ્છ ઉર્જા સ્ત્રોતોનો ઉપયોગ કરવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. એપલ ભારતીય બજારને એક મહત્વપૂર્ણ વૃદ્ધિ ક્ષેત્ર તરીકે જુએ છે અને અહીં તેની હાજરીને વધુ મજબૂત કરવા માટે સતત પ્રયત્નો કરી રહી છે. તાજેતરના અહેવાલો અનુસાર, માર્ચ ૨૦૨૫ સુધીના ૧૨ મહિનામાં ભારતમાં ૨૨ બિલિયન ડોલરના આઈફોનનું ઉત્પાદન થયું છે, જે વાર્ષિક ધોરણે ૬૦% નો વધારો દર્શાવે છે. હવે વૈશ્વિક સ્તરે ઉત્પાદિત થતા દરેક પાંચ આઈફોનમાંથી એક ભારતમાં બને છે. એપલના મુખ્ય ઉત્પાદન ભાગીદારો ફોક્સકોન અને ટાટા ઈલેક્ટ્રોનિક્સ ભારતમાં ઉત્પાદન કરે છે. તામિલનાડુ અને કર્ણાટકમાં મુખ્યત્વે આઈફોન એસેમ્બલ કરવામાં આવે છે. એપલ હવે ભારતમાં તેના સમગ્ર આઈફોન મોડેલની શ્રેણીનું ઉત્પાદન કરે છે, જેમાં મોંઘા ટાઈટેનિયમ પ્રો મોડેલ્સનો પણ સમાવેશ થાય છે. આઈફોનમાં કઈ ખાસ સુવિધાઓ હોય છે જે તેને અન્ય ફોનથી અલગ પાડે છે? જેમ કે કેમેરા, સિક્યોરિટી, ઓપરેટિંગ સિસ્ટમ વગેરે બાબતો જાણવી જરૂરી છે. એપલના ફોનનો ઈતિહાસ ૨૦૦૭ માં શરૂ થયો, જ્યારે એપલના સહ-સ્થાપક સ્ટીવ જોબ્સે પ્રથમ આઈફોન રજૂ કર્યો હતો. આ ફોને મોબાઈલ ફોન ઉદ્યોગમાં ક્રાંતિ લાવી દીધી, કારણ કે તે સમયે ઉપલબ્ધ અન્ય ફોનની તુલનામાં તે એકદમ અલગ હતો. પ્રથમ આઈફોન (૨૦૦૭): ૯ જાન્યુઆરી, ૨૦૦૭ ના રોજ રજૂ થયેલ. આ ફોનમાં મલ્ટી-ટચ સ્ક્રીન, એક હોમ બટન અને એક સરળ પણ શક્તિશાળી ઓપરેટિંગ સિસ્ટમ હતી. તેમાં આઈપોડ, ફોન અને ઈન્ટરનેટ કોમ્યુનિકેટરને એક જ ઉપકરણમાં જોડવામાં આવ્યા હતા.

## શબ્દ સંજોગ-૧૯૯૫



**આડી ચાવી :**
(૧) ગણપતિ (૪)
(૪) શુભ, કલ્યાણકારક (૩)
(૭) નાકાવેરો, દાણ (૩)
(૮) ધાતુને છોલતા પડેલી ઝીણી રજ (૪)
(૯) જીરાના પાકમાં આવતો એક રોગ (૨)
(૧૦) ઘણું ખાવાથી થતી અકળામણ (૩)
(૧૧) મરણ પાછળ રોવુ, કૂટવુ તે (અ) (૨)
(૧૩) બળતરા, ઝાળ (૩)
(૧૫) બંડ (૩)
(૧૬) જાહેર કરવાની ક્રિયા, પ્રસિધ્ધિ (૪)
(૧૭) પ્રતિસ્પર્ધી, સામાવાળિયો (૩)
(૧૮) અગમ્ય, ઈન્દ્રિયાતીત (૩)
(૧૯) અક્કલ, જ્ઞાન (૩)
(૨૦) દાન, દક્ષિણા (૨)
(૨૨) એક ફૂલ (૩)
(૨૪) હાથીખાનું (૪)
(૨૬) બાજુ, પક્ષ (૩)
(૨૭) હોડ, શરત (૩)
(૨૮) ચોથા ભાગનું (૧)

**ઉભી ચાવી :**
(૧) શ્રાધ્ધ કરવાનો સારો ગણાતો એક યોગ (૪)
(૨) 'જાઓ' કહી કાઢી મૂકવુ તે (૩)
(૩) નમેલુ (૨)
(૪) ડુંગરો, ટેકરો (૩)
(૫) મનનો ભેદ, મર્મ (૨)
(૬) એક કંદ (૩)
(૮) શબને ઓઢાડવાનું લૂગડુ (૩)
(૧૦) અગ્રણી, ભોમિયો (૩)
(૧૨) વિક્રમ સંવતનો પહેલો મહિનો (૪)
(૧૩) દીઠું ન દીઠું - હતું ન હતું એવુ (૬)
(૧૪) ચાલો સિધ્ધવિનાયક દાદાના દર્શને (૬)
(૧૫) અંગરખાનો એક ભાગ (૨)
(૧૬) રન્નાદે (જવારા) (૨)
(૧૭) અડચણ, નડતર (૪)
(૧૮) બકરું ગળી જાય તેવો મોટો સાપ (૪)
(૨૧) ફાટ, ચીરો (૨)
(૨૩) એક વિદેશી દારૂ (અ) (૨)
(૨૫) વેગ, ત્વરા (૨)

## શબ્દ સંજોગ-૧૯૯૪ જવાબ

**આડી ચાવી:** (૧) આભુષણ (૪) પાદ (૬) ચલ (૭) તસ્કર (૮) પારો (૧૦) લીલો (૧૧) તોલે (૧૩) મિથ્યા (૧૫) ખેપિયો (૧૭) ધામ (૨૧) સપત્ની (૨૩) જુવાળ (૨૫) તાસ (૨૭) ષટ (૨૯) ઘનઘોર (૩૨) માગું (૩૩) નવ.
**ઉભી ચાવી:** (૧) આચરતો (૨) ભુલ (૩) ભાસ્કર (૫) દલીલો (૯) રોમિયો (૧૯) લેખે (૧૪) અમસ (૧૬) પિત્તળ (૧૮) પત્ની (૧૯) પજુષણ (૨૦) ચિંતા (૨૨) પડઘો (૨૪) વાટ (૨૬) સઘન (૨૮) સગું (૩૦) નવ (૩૧) રદ્દી.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૨૫ | ૧૫૫૪ |
| ઘઉં લોકવન | ૪૮૮ | ૫૨૨ |
| ઘઉં ટુકડા | ૪૮૬ | ૫૯૦ |
| જુવાર સફેદ | ૭૦૦ | ૮૦૩ |
| જુવાર લાલ | ૮૨૦ | ૯૫૦ |
| જુવાર પીળી | ૪૦૦ | ૪૬૪ |
| બાજરી | ૩૮૫ | ૫૧૬ |
| તુવેર | ૧૧૭૫ | ૧૩૯૫ |
| ચણા પીળા | ૯૭૦ | ૧૦૯૦ |
| ચણા સફેદ | ૧૫૭૦ | ૨૦૪૬ |
| અડદ | ૧૧૯૧ | ૧૫૧૬ |
| મગ | ૧૪૫૦ | ૧૭૮૦ |
| વાલ દેશી | ૮૦૦ | ૧૩૨૫ |
| ચોળી | ૧૧૦૦ | ૨૩૦૫ |
| વટાણા | ૭૦૦ | ૧૭૪૦ |
| કળથી | ૭૫૦ | ૯૦૦ |
| રાજમા | ૬૭૫ | ૧૨૦૦ |
| મગફળી જાડી | ૮૭૦ | ૧૦૪૩ |
| મગફળી જીણી | ૯૨૦ | ૧૩૮૦ |
| તલી | ૧૧૦૦ | ૨૦૫૦ |
| સુરજમુખી | ૬૦૩ | ૧૧૭૫ |
| એરંડા | ૧૦૮૦ | ૧૧૮૦ |
| અજમો | ૮૦૦ | ૧૬૦૫ |
| સુવા | ૧૨૦૦ | ૧૪૫૪ |
| સોયાબીન | ૭૨૦ | ૮૦૪ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૧૦ |
| કાળા તલ | ૩૧૦૪ | ૪૩૦૦ |
| લસણ | ૮૦૧ | ૧૩૨૫ |
| ધાણા | ૧૧૫૦ | ૧૪૬૦ |
| મરચા સુકા | ૫૫૧ | ૧૭૩૦ |
| ધાણી | ૧૧૮૦ | ૧૫૭૧ |
| વરીયાળી | ૧૪૨૫ | ૧૮૫૧ |
| જીરૂ | ૩૯૦૦ | ૪૩૯૧ |
| રાય | ૧૦૩૦ | ૧૨૭૦ |
| મેથી | ૮૭૦ | ૧૨૨૫ |
| ઇસબગુલ | ૧૪૦૦ | ૧૯૨૧ |
| કલોંજી | ૩૧૦૦ | ૩૯૮૫ |
| રાયડો | ૯૫૦ | ૧૦૬૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૧૪૦૦ | ૩૨૫૦ |
| સાકરટેટી | ૨૦૦ | ૩૫૦ |
| તરબુચ | ૧૫૦ | ૩૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૫૧ |
| ડુંગળી સુકી | ૪૫ | ૧૯૦ |
| ટમેટા | ૨૦૦ | ૪૦૦ |
| સુરણ | ૧૪૫૦ | ૧૮૩૦ |
| કોથમરી | ૨૦૦ | ૪૦૦ |
| મુળા | ૩૦૦ | ૪૫૦ |
| રીંગણા | ૨૪૦ | ૫૩૦ |
| કોબીજ | ૫૦ | ૮૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૫૫૦ |
| ગુવાર | ૭૫૦ | ૧૨૨૦ |
| ચોળાસીંગ | ૫૦૦ | ૮૫૦ |
| ટીંડોળા | ૨૫૦ | ૯૫૦ |
| દુધી | ૧૫૦ | ૩૦૦ |
| કારેલા | ૪૦૦ | ૫૬૦ |
| સરગવો | ૧૨૦ | ૩૩૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| પરવર | ૭૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૨૦૦ | ૪૫૦ |
| ગાજર | ૨૨૦ | ૪૪૦ |
| વટાણા | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૨૦૦ | ૪૫૦ |
| બીટ | ૧૨૦ | ૨૨૦ |
| મેથી | ૨૫૦ | ૪૬૦ |
| ડુંગળી લીલી | ૨૨૦ | ૫૧૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૨૦૦ | ૪૦૦ |
| લસણ લીલું | ૧૫૦૦ | ૨૦૦૦ |
| મકાઇ લીલી | ૧૪૦ | ૨૩૦ |
| ગુંદા | ૩૦૦ | ૫૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૯૫૦ | ૧૦૦૯ |
| શિંગ મઠડી નવી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| શિંગ ૬૬ નંબર | ૮૫૬ | ૮૫૬ |
| ગીરનાર શીંગ | ૧૦૧૪ | ૧૦૧૪ |
| શિંગ મોટી | ૮૩૫ | ૧૦૬૪ |
| શિંગ મોટી નવી | ૮૭૫ | ૮૭૫ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૩૨૧ |
| તલ સફેદ | ૧૧૨૫ | ૨૦૩૫ |
| તલ કાળા | ૨૧૦૦ | ૪૯૪૦ |
| તલ કાશ્મીરી | ૨૧૫૦ | ૨૧૫૦ |
| જુવાર | ૨૭૫ | ૬૮૬ |
| ઘઉં ટુકડા | ૩૬૬ | ૫૯૧ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૩૧ |
| ચણા | ૮૦૦ | ૧૦૭૦ |
| ચણા દેશી | ૧૦૪૦ | ૧૧૩૬ |
| સફેદ ચણા | ૧૦૦૯ | ૧૧૨૫ |
| છોલે ચણા | ૧૨૦૦ | ૧૮૭૦ |
| તુવેર | ૧૦૪૫ | ૧૩૫૦ |
| કપાસ | ૭૧૦ | ૧૫૦૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૧૫૭ |
| જીરૂ | ૨૭૦૦ | ૩૯૮૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ધાણી | ૧૦૦૦ | ૧૬૭૦ |
| મેથી | ૬૦૦ | ૯૬૯ |
| સોયાબીન | ૬૦૦ | ૭૮૯ |
| મરચા લાંબા | ૨૦૦ | ૧૩૬૦ |
| કાંગ | ૨૫૧ | ૫૫૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૧૦ | ૩૧૦ |
| રીંગણા | ૩૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૧૫૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૫૦૦ |
| ટમેટાં | ૩૦૦ | ૪૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| વટાંણાં | ૧૪૦૦ | ૧૫૦૦ |
| ચોળા લીલાં | ૪૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૮૦૦ |
| શક્કરટેટી | ૧૦૦ | ૨૪૦ |
| ગુંદા | ૩૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૪૦૦ |
| પાકી કેરી | ૯૦૦ | ૧૬૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફોદીનો | ૫૦૦ | ૬૦૦ |
| ટીંડોરો | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૨૫૦ | ૩૦૦ |
| કાચી કેરી | ૩૦૦ | ૫૦૦ |
| સરગવો | ૧૦૦ | ૨૦૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૪૦ |
| મરચાં લીલાં | ૩૦૦ | ૫૦૦ |
| ડુંગળી લીલી | ૪૦૦ | ૫૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૦૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |
| લસણ સુકુ | ૬૦૦ | ૧૨૦૦ |
| મકાઈ | ૧૫૦ | ૨૦૦ |
| લીબું | ૮૦૦ | ૧૬૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૩૦૧ | ૧૫૩૧ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૭૬ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૬૫૧ |
| મગફળી જીણી | ૮૫૧ | ૧૪૧૬ |
| સિંગદાણા જાડા | ૧૨૪૧ | ૧૭૮૧ |
| સિંગ ફાડીયા | ૮૨૧ | ૧૩૨૧ |
| એરંડા / એરંડી | ૮૦૧ | ૧૧૮૬ |
| જીરૂ | ૩૬૧૧ | ૪૩૫૧ |
| વરીયાળી | ૧૨૩૧ | ૧૨૩૧ |
| મરચા સૂકા પટ્ટો | ૨૫૧ | ૧૩૫૧ |
| લસણ સુકું | ૬૫૧ | ૧૨૫૧ |
| ડુંગળી લાલ | ૨૬ | ૧૯૧ |
| અડદ | ૬૨૧ | ૧૫૫૧ |
| તુવેર | ૯૫૧ | ૧૪૬૧ |
| રાયડો | ૧૦૦૧ | ૧૦૩૧ |
| રાય | ૯૫૧ | ૧૧૫૧ |
| મેથી | ૬૦૧ | ૯૫૧ |
| સુવાદાણા | ૬૧૧ | ૧૩૫૧ |
| કાંગ | ૪૦૧ | ૬૩૧ |
| મરચા | ૩૦૧ | ૧૯૦૧ |
| મગફળી જાડી | ૭૫૧ | ૧૩૯૧ |
| સફેદ ચણા | ૯૭૬ | ૨૦૭૧ |
| તલ - તલી | ૧૫૦૦ | ૧૮૭૧ |
| ઇસબગુલ | ૧૦૦૧ | ૧૭૦૧ |
| ડુંગળી સફેદ | ૪૦ | ૧૧૬ |
| બાજરો | ૩૦૧ | ૪૧૧ |
| જુવાર | ૪૦૧ | ૭૭૧ |
| મકાઇ | ૩૧૧ | ૪૧૧ |
| મગ | ૫૦૧ | ૧૬૩૧ |
| ચણા | ૧૦૫૧ | ૧૦૭૧ |
| વાલ | ૭૦૧ | ૧૧૪૧ |
| ચોળા / ચોળી | ૩૦૧ | ૧૦૧૧ |
| સોયાબીન | ૭૨૧ | ૮૨૬ |
| અરીઠા | ૬૧૧ | ૬૧૧ |
| ગોગળી | ૭૦૦ | ૧૦૧૧ |
| વટાણા | ૭૦૧ | ૧૨૧૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૨૦ | ૪૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૨૦ | ૧૬૦ |
| દુધી | ૧૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૧૬૦ | ૬૦૦ |
| કાકડી | ૮૦ | ૬૦૦ |
| રીંગણા | ૮૦ | ૫૦૦ |
| ભીંડો | ૧૦૦ | ૪૦૦ |
| ગલકા | ૧૬૦ | ૬૦૦ |
| ગાજર | ૧૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૪૦૦ | ૮૦૦ |
| વાલ | ૮૦૦ | ૨૦૦૦ |
| વટાણા | ૧૩૮૦ | ૧૮૦૦ |
| કેરી કાચી | ૧૮૦ | ૭૦૦ |
| બટેટા | ૨૫૦ | ૩૪૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૨૫ |
| તાંજરીયા પુરા | ૫ | ૭ |
| કોથમીર પુરા | ૨ | ૫ |
| મૂળા પુરા | ૫ | ૬ |
| ફોદીનો પુરા | ૨ | ૪ |
| કાચા કેળા | ૪૦૦ | ૬૦૦ |
| પચકારુ | ૪૦૦ | ૬૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુંદા | ૨૦૦ | ૪૦૦ |
| ઘીસોડા | ૩૦૦ | ૧૧૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૨૮૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૨ |
| બીટ પુરા | ૬ | ૨૦ |
| સરગવો પુરા | ૫ | ૧૦ |
| ચોરા | ૩૦૦ | ૧૧૦૦ |
| કારેલા | ૧૦૦ | ૭૦૦ |
| વાલોર | ૪૦૦ | ૧૪૦૦ |
| મગફળી લીલી | ૮૦૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૮૦ | ૩૦૦ |
| આદુ | ૫૦૦ | ૧૦૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૨૪૦ |
| પાલક પુરા | ૩ | ૬ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૫૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૧૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૪૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૫૫ |
| મગફળી | ૭૦૦ | ૯૮૫ |
| એરંડા | ૯૦૦ | ૧૧૪૫ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૧૭૬૫ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૨૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૬૦૦ | ૭૯૫ |
| **ધારી** | | |
| મગફળી | ૮૦૦ | ૯૨૦ |
| ઘઉં લોકવન | ૫૦૧ | ૫૦૯ |
| ચણા | ૧૦૦૧ | ૧૦૩૫ |
| છોલે ચણા | ૧૩૩૫ | ૧૩૩૫ |
| ધાણા | ૧૧૭૫ | ૧૧૭૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૧૫૫ |
| તુવેર | ૧૨૪૧ | ૧૨૪૧ |
| કાળા તલ | ૩૨૦૦ | ૩૨૦૦ |
| જીરૂ | ૩૭૦૦ | ૩૭૦૦ |
| કાંગ | ૪૩૦ | ૪૩૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૪૬૦ | ૧૫૦૦ |
| ચણા | ૧૦૦૨ | ૧૦૫૦ |
| જુવાર સફેદ | ૬૨૬ | ૬૨૬ |
| સોયાબીન | ૭૬૧ | ૭૬૧ |
| ઘઉં | ૪૯૦ | ૪૯૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૪૨ |
| ઘઉં લોકવન | ૩૮૦ | ૪૮૭ |
| ઘઉં ટુકડા | ૪૪૭ | ૫૫૧ |
| ચણા | ૭૮૦ | ૧૦૫૬ |
| મેથી | ૬૨૦ | ૬૩૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૧૩૫ |
| જીરૂ | ૩૧૦૫ | ૩૧૦૫ |
| મગફળી | ૭૦૦ | ૯૧૦ |
| લશણ કળી | ૨૫૦ | ૨૫૦ |
| તુવેર | ૧૨૩૦ | ૧૩૦૦ |
| કાંગ | ૪૫૭ | ૪૫૭ |
| સોયાબીન | ૭૬૫ | ૮૦૪ |
| તલ સફેદ | ૧૧૩૫ | ૧૬૪૦ |
| રાય | ૭૯૧ | ૧૦૦૫ |
| એરંડી | ૫૦૦ | ૯૨૫ |
| વરીયાળી | ૧૫૦૦ | ૧૫૦૦ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૨૫૪ | ૧૪૨૭ |
| કપાસ સી ગ્રેડ | ૫૫૦ | ૧૦૪૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૨૫ | ૧૫૫૦ |
| કપાસ મીડીયમ | ૧૧૫૦ | ૧૩૯૦ |
| મગફળી | ૯૮૫ | ૧૦૦૫ |
| જીરૂ | ૩૮૫૫ | ૪૨૨૫ |
| ઘઉં | ૪૬૨ | ૫૨૮ |
| ધાણા | ૧૨૯૦ | ૧૪૮૦ |
| ચણા | ૧૦૪૩ | ૧૦૮૭ |
| એરંડા | ૧૦૬૫ | ૧૧૨૫ |
| **સાવરકુંડલા-** | | |
| શીંગ જીણી | ૯૦૦ | ૧૦૦૫ |
| શીંગ મોટી | ૯૫૦ | ૧૦૧૧ |
| શીંગ નવી | --- | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૦૫૦ |
| તલ કાળા | ૩૭૦૦ | ૪૬૭૬ |
| જીરૂ | ૩૬૦૦ | ૪૨૦૦ |
| કપાસ | ૧૩૫૦ | ૧૫૧૧ |
| ઘઉ લોકવન | ૪૨૫ | ૫૫૦ |
| ઘઉ ટુકડા | ૪૮૦ | ૬૫૦ |
| બાજરો | ૪૦૦ | ૫૮૧ |
| જુવાર | ૫૦૦ | ૭૬૦ |
| મકાઈ | --- | ૬૦૦ |
| મગ | ૧૦૦૦ | ૧૫૦૧ |
| ચણા | ૧૦૨૦ | ૧૦૮૦ |
| દેશી ચણા | ૧૧૦૦ | ૧૨૨૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૩૫૦ |
| એરંડી | ૧૧૨૦ | ૧૧૭૬ |
| મેથી | ૫૦૦ | ૭૦૦ |
| ધાણા | ૧૧૫૦ | ૧૩૮૬ |
| સોયાબીન | ૬૫૦ | ૭૭૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૧૦ | ૯૯૨ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૯૩૧ |
| તલ કાળા | ૩૭૨૦ | ૩૭૨૦ |
| કપાસ | ૧૨૦૧ | ૧૫૦૧ |
| બાજરો | ૪૫૦ | ૫૬૫ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૩૦ |
| જુવાર | ૬૨૧ | ૮૩૨ |
| તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૬૦ |
| રાય | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૧૨૫ |
| સોયાબીન | ૭૭૪ | ૭૭૪ |
| અજમા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૨૫ | ૧૦૩૨ |
| મગફળી ૩૨નં | ૯૫૦ | ૧૦૨૯ |
| બાજરી હાઈબ્રીડ | ૪૦૦ | ૫૪૪ |
| ઘઉં | ૪૫૦ | ૫૨૪ |
| રાઇ | ૧૧૪૦ | ૧૧૯૨ |
| રાયડો | ૯૪૦ | ૧૦૦૦ |
| મેથી | ૭૦૦ | ૯૧૫ |
| જુવાર | ૫૬૦ | ૬૭૬ |
| અડદ | ૧૧૦૦ | ૧૫૭૦ |
| મગ | ૧૨૫૦ | ૧૬૧૪ |
| એરંડી | ૧૧૦૦ | ૧૧૮૪ |
| ચણા | ૯૭૦ | ૧૦૬૬ |
| સફેદ તલ | ૧૨૦૦ | ૧૯૦૫ |
| કાળા તલ | ૨૮૦૦ | ૪૪૮૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૩૦ |
| ધાણા | ૧૦૫૦ | ૧૨૧૦ |
| કાંગ | ૩૭૦ | ૪૪૪ |
| **મહુવા** | | |
| શીંગ નવી | ૧૦૫૧ | ૧૨૨૨ |
| શીંગ ૩૨ | ૯૪૩ | ૯૭૦ |
| શીંગ જીરૂ૦ | ૯૯૩ | ૧૦૦૧ |
| એરંડા | ૧૧૧૬ | ૧૧૧૮ |
| જુવાર | ૩૦૦ | ૭૨૯ |
| બાજરી | ૪૦૦ | ૫૬૯ |
| ઘઉં ટુકડા | ૩૫૧ | ૬૫૦ |
| ધાણા | ૯૦૦ | ૧૩૫૧ |
| અડદ | ૮૪૦ | ૮૪૦ |
| મગ | ૧૫૩૨ | ૨૦૧૫ |
| મેથી | ૬૫૫ | ૧૦૦૦ |
| સોયાબીન | ૫૭૦ | ૫૭૦ |
| ચણા નં.૩ | ૯૭૦ | ૧૦૭૯ |
| ચણા દેશી | ૧૦૩૪ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૨૦૩૫ |
| તલ કાળા | ૬૫૦ | ૪૦૧૦ |
| તુવેર | ૭૫૦ | ૧૩૩૫ |
| જીરૂ | ૧૦૦૦ | ૪૩૯૦ |
| ડુંગળી લાલ | ૪૦ | ૨૬૮ |
| ડુંગળી સફેદ | ૬૦ | ૨૦૧ |
| નાળીયેર | ૭૭૭ | ૨૨૦૬ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સા.કુંડલા પંથકની સગીરા સાથે રાજકોટમાં દુષ્કર્મ ગુજાર્યા બાદ યુવાનનો આપઘાત

રાજકોટ,તા.૦૫

રીબડામાં રહેતા અમિત દામજીભાઈ ખુંટ નામના યુવાને ગામની સીમમાં લોધિકા રોડ પર આવેલી પોતાની વાડીએ રાત્રીના ઝાડ પર લટકી ગળાફાંસો ખાઈ લીધો હતો. બનાવની જાણ થતા ૧૦૮ ના ઈએમટીએ અહીં યુવાનને જોઈ તપાસી મૃત જાહેર કર્યો હતો. બીજી તરફ યુવાનના આપઘાતના પગલે સ્થાનિક પોલીસ મથકના સ્ટાફે અહીં પહોંચી જરૂરી કાર્યવાહી કરી યુવાનના મૃતદેહને પીએમ માટે હોસ્પિટલ ખસેડવા કાર્યવાહી હાથ ધરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, સાવરકુંડલા પંથકમાં રહેતી ૧૭ વર્ષની સગીરા છેલ્લા બે મહિનાથી રાજકોટની એક હોટલમાં રહી મોડલિંગ કામ કરતી હતી. આ સમય દરમિયાન ઈન્સ્ટાગ્રામ મારફત તેનો સંપર્ક રીબડાના અમિત દામજી ખુંટ સાથે એકાદ



સપ્તાહ પૂર્વે થયો હતો. બાદમાં બંને અવારનવાર મળતા હતા. દરમિયાન શુક્રવારે મોડી સાંજે અમિત ખુંટ સગીરાને લઈને યાજ્ઞિક રોડ પર આવેલી જ્યુસની દુકાને ગયો હતો. જ્યાં બંનેએ સાથે જયુસ પીધું હતું ત્યારબાદ સગીરા બેભાન થઈ ગઈ હતી અને જ્યારે તે ભાનમાં આવી ત્યારે ગોંડલ રોડ ચોકડીએ અવાવરૂં સ્થળે હતી. સમગ્ર બનાવ અંગે સગીરાની સાથે રહેતી તેની મિત્રએ આક્ષેપ કર્યો હતો કે, આ શખ્સે તેને બેભાન કરી અહીંથી લઈ ગયા બાદ તેના પર દુષ્કર્મ આચર્યું હતું.

# અમરેલી તાલુકાના ગાવડકા પાસે શેત્રુંજી નદીમાં ૪ વ્યક્તિના ડૂબી જવાથી મોત

**તમામ મૃતકો ધારી તાલુકાના મીઠાપુર (ડુંગરી) ગામના વતની**

અમરેલી,તા.૦૫

અમરેલી તાલુકાના ગાવડકા પાસે પૂલ નીચે શેત્રુંજી નદીમાં નાહવા પડેલા ૪ વ્યક્તિના ડૂબી જવાથી મોત થયા છે. ભાર્ગવભાઈ રાઠોડ, નરેન્દ્રભાઈ વાળા, કૌશિકભાઈ રાઠોડ અને સાગરભાઈ દાફડા નામનાં યુવાનો



બપોરના સમયે ધારી તાલુકાના મીઠાપુર (ડુંગરી) ગામેથી કામકાજ માટે અમરેલી આવ્યા હતા. બપોરે પરત જતી વખતે શેત્રુંજી નદીમાં નહવા પડયા હતા. ત્યારબાદ ચારેય યુવાનો નદીમાં ડૂબી ગયા હતા. અમરેલી ફાયર કંટ્રોલ વિભાગને આ અંગે જાણ થતા તેણે ઘટના સ્થળ પર પહોંચી ચારેય વ્યક્તિના મૃતદેહને બહાર કાઢ્યા હતા. ઘટના સ્થળ પર મૃતકોના બેગ, પાકીટ અને અન્ય વસ્તુઓ મળી આવી હતી. ઘટનાની જાણ થતા લોકોના ટોળે ટોળા ઉમટી પડયા હતા. આ તમામ યુવકોના મૃતદેહને અમરેલી સીવીલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા હતા.

# પાલનપુર-આબુ હાઈવે પર કારને અકસ્માત નડતા એકનું મોત અને ૬ લોકો ઘાયલ

પાલનપુર,તા.૫

રાજ્યના અમીરગઢ નજીક પાલનપુર-આબુ હાઈવે પર ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં કાર પલ્ટી ખાઈ જતાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું, જ્યારે કારમાં મુસાફરી કરતા ૬ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.

આ ઘટના બનતાં સ્થાનિક લોકોએ તાત્કાલિક પહોંચીને ઈજાગ્રસ્તોને એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. હાલ તમામ ઈજાગ્રસ્તોની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. દુર્ઘટનાની જાણ અમીરગઢ પોલીસને કરવામાં આવી હતી. અમીરગઢ પોલીસે ઘટનાસ્થળે પહોંચી અને તપાસ શરૂ કરી હતી. જોકે કયા કારણોસર આ અકસ્માત સર્જાયો તેનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ થયું નથી, પરંતુ પ્રાથમિક માહિતી મુજબ કારના ડ્રાઈવરે સ્ટિયરીંગ પરથી કાબુ ગુમાવ્યો હતો, ત્યારબાદ કાર પલ્ટી ગઈ હતી. પોલીસે આ મામલે અકસ્માતે ગુનો નોંધીને કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# રાજ્યમાં ધો. ૧૨ સાયન્સનું ૮૩.૫૧% અને સામાન્ય પ્રવાહનું ૯૩.૦૭% પરિણામ

અમદાવાદ,તા.૦૫

ધો.૧૨ અને ગુજકેટનાં પરિણામ જાહેર થઈ ગયાં છે. ધોરણ ૧૨ સાયન્સનું ૮૩.૫૧ ટકા અને સામાન્ય પ્રવાહનું રેકોર્ડબ્રેક ૯૩.૦૭ ટકા પરિણામ જાહેર થયું છે. સાયન્સનું ગત વર્ષ કરતાં ૧.૦ ટકા વધુ, જ્યારે સામાન્ય પ્રવાહનું ગત વર્ષ કરતાં ૧.૧૪ ટકા વધુ પરિણામ જાહેર થયું છે. આ વર્ષે સામાન્ય પ્રવાહના



કુલ ૪,૨૩,૯૦૯ અને સાયન્સમાં ૧,૧૧,૩૮૪ વિદ્યાર્થી નોંધાયા હતા. સાયન્સમાં ૯૨.૯૧ ટકા પરિણામ સાથે મોરબી જિલ્લો સતત બીજા વર્ષે મોખરે રહ્યો છે. તો સામાન્ય પ્રવાહમાં અંગ્રેજી માધ્યમમાં ૯૩.૯૭ ટકા પરિણામ, જ્યારે ગુજરાતી માધ્યમનું ૯૩.૭ ટકા પરિણામ આવ્યું છે. વિદ્યાર્થીઓની માર્કશીટ, પ્રમાણપત્ર અને જીઈ શાળામાં મોકલવા અંગેની જાણ પછીથી કરવામાં આવશે. પરીક્ષા બાદ ગુણ ચકાસણી, દફતર ચકાસણી, નામ સુધારા, ગુણ-તૂટ અસ્વીકાર અને પરીક્ષામાં પુનઃઉપસ્થિત થવા માટેની જરૂરી સૂચનાઓ સાથેનો પરિપત્ર હવે પછીથી પ્રસિદ્ધ કરાશે તથા માર્કશીટ અને પ્રમાણપત્ર સાથે શાળાઓને મોકલી આપવામાં આવશે.

# સૌરાષ્ટ્રમાં પ્રથમ વખત રાજકોટમાં ૨૦ વર્ષીય રાજપૂતાણી દીક્ષા ગ્રહણ કરશે

રાજકોટ,તા.૦૫

સૌરાષ્ટ્રમાં પ્રથમ વખત રાજપૂત કન્યા દ્વારા દીક્ષા ગ્રહણ કરવાની ઘટના સામે આવી છે. રાજકોટની ૨૦ વર્ષીય રાજપુત કન્યા હેત્વીબા વિમલ પરમાર દીક્ષા ગ્રહણ કરવા જઈ રહી છે. રાજકોટનાં કરણપરા વિસ્તારમાં રહેતા રાજપુત પરિવારના વિમલભાઈ પરમાર તથા તેમના પત્ની ઉન્નતીબેન પરમારની પુત્રી ચિ.હેત્વી વિમલભાઈ પરમાર માત્ર ૨૦ વર્ષની કુમળી વયે જૈન દિક્ષા લેવા જઈ રહી છે, આ કદાચ પ્રથમ વાર જ બનેલ છે કે કોઈ રાજપૂત કન્યા જૈન સમાજમાં દિક્ષા લઈ રાજપૂત સમાજનું નામ રોશન કરવા જઈ રહી હોય, આ સમસ્ત રાજપૂત સમાજ માટે એક ગૌરવસમી ક્ષણ બનવા જઈ રહી છે. ચિ.હેત્વી પરમારનાં નાના કમલેશભાઈ દામાણીએ જૈન ધર્મનાં મૂળ સિદ્ધાંતોને પોતાના જીવનમાં ખુબ જ સુંદર રીતે વણેલા છે, તેમના દીકરાએ એટલે કે હેત્વીના મામા હર્ષે પણ ૧૫ વર્ષ પહેલા દિક્ષા ગ્રહણ કરી હતી.

# રાજકોટ-ગોંડલ હાઈ-વે પર હીટ એન્ડ રનની ઘટના : સાસુ-વહુના કરૂણ મોત

રાજકોટ,તા.૦૫

રાજકોટ-ગોંડલ હાઈવે પર વધુ એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. આ ગમખ્વાર અકસ્માતમાં ગોંડલ ખાતે રહેતા બાવનિયા પરિવારની બે મહિલાનાં મોત નિપજ્યાં છે. ૪ મે, ૨૦૨૫ના રોજ બાવનિયા પરિવાર રાજકોટ ખાતે સંબંધીના ઘરે જનોઈ પ્રસંગમાં હાજરી આપી પરત પોતાના ઘેર ગોંડલ જઈ રહ્યો હતો. ત્યારે રાત્રિના





૧ વાગ્યા આસપાસ મનોજભાઈ બાવનિયા તેમજ તેમનો પુત્ર વ્યોમ બાવનિયા પોતપોતાની પત્ની સાથે ટૂ-વ્હીલ ઉપર જઈ રહ્યા હતાં. દરમિયાન કોરાટ ચોક પાસે ટ્રકચાલકે બન્ને વાહનચાલક પિતા-પુત્રને પાછળથી અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં જ્યોતિબેન મનોજભાઈ બાવનિયા તેમજ તેમની પુત્રવધૂ જાનવી વ્યોમભાઈ બાવનિયાનું મોત નિપજ્યું છે. જ્યારે અકસ્માતમાં મનોજભાઈ તેમજ તેમના પુત્ર વ્યોમને પણ ઈજા પહોંચતાં સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા જરૂરી પંચનામાની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા હતા.

# આજે અમરેલી સહિત રાજ્યમાં કરા સાથે કમોસમી વરસાદની આગાહી કરાઈ

ગાંધીનગર,તા.૦૫

હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં કમસમી વરસાદની આગાહી કરવામાં આવી છે સુરેન્દ્રનગર જિલ્લામાં વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો અને વાદળછાયા વાતાવરણ વચ્ચે લીંબડી, લખતર અને દસાડા તાલુકામાં કમોસમી વરસાદી ઝાપટાં નોંધાયા હતા. જેમાં દસાડા તાલુકાના જૈનાબાદ, ઝીંઝુવાડા, ધામા, ચીકાસર, નગવાડા, સુરેલ, વિસાવડી, રસુલાબાદ, હેમતગઢ, મુવાડા સહિતના ગામોમાં ગાજવીજ સાથે વરસાદી ઝાપટાં પડતા અગરીયાઓના મીઠાના અગર તેમજ ખેડૂતોએ મહામહેનતે કરેલ અજમો,



ઉનાળુ તલ સહિતના પાકને મોટાપાયે નુકસાની થવાની ભીતિ સેવાઈ રહી છે. જ્યારે લખતર તાલુકાના વડેખણ, માલીકા, ડેરવાળા, તલસાણા, સાંકળ સહિતના ગામોમાં પણ કમોસમી વરસાદ પડ્યો હતો તેમજ લીંબડી તાલુકાના નાની કઠેચી, મોટી કઠેચી, ગડથલ સહિતના ગામોમાં કમોસમી વરસાદ ખાબક્યો હતો. આગામી પાંચ દિવસ સુધી રાજયભરમાં કમોસમી વરસાદની આગાહી આપવામાં આવી છે. આજે અને આવતીકાલે સૌરાષ્ટ્રના અમરેલી, રાજકોટ, જૂનાગઢ, મોરબી, ગીર સોમનાથ, ઉપરાંત કચ્છ, દીવ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાંબરકાંઠા, અરવલ્લી, દાહોદ, મહિસાગર, પંચમહાલ, છોટાઉદેપુર સહિત કુલ ૧૫ જિલ્લામાં કરા સાથે કમોસમી વરસાદ વરસી શકે છે.

# છત્તીસગઢના પ્રતિનિધિ મંડળે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાત લીધી

ગાંધીનગર,તા.૦૫

છત્તીસગઢના કવર્ધા જિલ્લા વહીવટી તંત્રની આ ટીમમાં કબીરધામ જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપ-પ્રમુખ ઉપરાંત ૧૨ જેટલા ખેડૂત પ્રતિનિધિઓ અને રાજ્ય સરકારના અધિકારીઓ સહિતના સભ્યોનો સમાવેશ થાય છે. ગુજરાતે બાયસેગની મદદથી રાજ્યમાં જે જી.આઈ.એસ. બેઈઝ ટેકનોલોજી યુક્ત ગ્રામીણ વિકાસ આયોજન અને નવાચાર અપનાવ્યા છે તેનાથી સુપેરે માહિતગાર થવા આ ડેલીગેશને બાયસેગની મુલાકાતથી ગુજરાત પ્રવાસનો આરંભ



કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથેની આ પ્રતિનિધિ મંડળની મુલાકાત બેઠક દરમિયાન તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં ગુજરાત ટેકનોલોજી ડ્રિવન ગવર્નન્સ અને લોક કલ્યાણ અને વિકાસ યોજનાઓના અસરકારક તથા સેચ્યુરેશન લેવલના અમલથી વિકાસનું રોલ મોડલ બન્યું છે. છત્તીસગઢ પ્રતિનિધિ મંડળના સભ્યોએ પણ ગુજરાતની આ નવતર વિકાસ પ્રણાલીની સફળતા વિશે જાણવામાં રસ દાખવ્યો હતો.

# અસારવા સિવિલમાં દારુ પરમિટ માટે ૩ વર્ષમાં ૯ હજાર લોકોએ અરજી કરી

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૫

ગુજરાતમાં શરાબીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ પરમિટ લઈને દારુ પીનારાની સંખ્યામાં ધીરેધીરે વધારો થઈ રહ્યો છે. અસારવા સિવિલમાં આ વર્ષે ૪ મહિનાની અંદર જ નવી પરમિટ માટે ૨૨૧ અરજીઓ આવી છે. અમદાવાદમાં આવેલી અસારવા સિવિલ હોસ્પિટલમાં જ સાલ ૨૦૨૩થી એપ્રિલ ૨૦૨૫ સુધી દારુની પરમિટની નવી ૧૭૫૯ જેટલી અરજીઓ આવી ચૂકી છે. અસારવા સિવિલમાં દારુ પરમિટ માટે ૩ વર્ષમાં ૯ હજાર લોકોએ અરજીઓ કરી હતી. ઉપરાંત રિન્યુ માટે ૭૨૫૫ અરજીઓ આવી છે. ત્યારે જાણ્યા મુજબ નવી અરજી માટે ૨૦ હજાર રુપિયા જેટલો ચાર્જ વસૂલવામાં આવે છે. તો નવી પરમિટ માટેની અરજીથી સિવિલમાં જ રોગી કલ્યાણ સમિતિને આશરે ૩.૫૧ કરોડ જેટલી આવક થઈ હોવાનું જાણવા મળ્યું છે. સિવિલની અંદર આ પરમિટની અરજીઓ નશાકારી કચેરીમાં મોકલાય છે. જ્યાંથી આ અરજીઓનું રિજેક્શનનું પ્રમાણ ૧૦ ટકા સરેરાશ રહેતું હોય છે. જે લોકો માનસિક તાણમાં જીવન જીવતા હોય છે, હાઈપર ટેન્શન, અનિદ્રા જેવી સમસ્યાનો સામનો કરતા હોય તેવી પરિસ્થિતિમાં લોકોને હેલ્થ પરમિટ આપવામાં આવે છે.

# ઉનામાં ગૌવંશની કતલ કરતા ૮ શખ્સોને જિલ્લા LCB ટીમે ઝડપ્યા

ઉના, તા.૦૫

જૂનાગઢ એલસીબી ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન સંયુકત બાતમી, ખાનગી રાહે હકિકત મળેલ કે, અસ્લમભાઈ ઉર્ફે અસલો કાસમભાઈ ચોરવાડા (ભોજા) રહે.ઉના સેન્ટ જોસેફ સ્કૂલ પાછળ વાડી વિસ્તારમાં વાડીએ આવેલ રહેણાંક મકાન પાસે આવેલ માલઢોર બાંધવાના ઢાળીયામાં ગૌવંશના વાછરડાઓ રાખી તેની કતલ કરી ત્યાં ગેરકાયદેસર રીતે ગૌમાંસ, મટનના ટુકડાઓ કરી માંસ/મટન રાખી વેચાણ કરે છે. જે મળેલ હકીકત આધારે તે જગ્યાએ



તસ્વીર : કૈલાશ ભટ્ટ

જિલ્લા એલ.સી.બી. ટીમે રેઈડ કરી ગૌમાંસ/મટન સાથે ૮ શખ્સોને પકડી પાડી ઉના પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. ઉનામાં આ શખ્સો કેટલા સમયથી ગૌવંશની કતલ કરતા હતા તે અંગેની તપાસ હાથ ધરવામાં આવી છે.

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 033

**સંકુલ નું ગૌરવ - ધો. ૧૨ આર્ટસ સાયંસ ઉચ્ચ પરિણામ**

| વિગત | આર્ટસ | સાયંસ ગુ.મી. | સાયંસ ઈ.મી. | કુલ |
|---|---|---|---|---|
| ધો.-૧૨ આર્ટસ સાયંસ A1 ગ્રેડ | - | - | 01 | 01 |
| ધો.-૧૨ આર્ટસ સાયંસ A2 ગ્રેડ | 22 | 23 | 04 | 49 |
| ધો.-૧૨ આર્ટસ સાયંસ પરિણામ | 100% | 86% | 97% | 95% |
| ધો.-૧૨ આર્ટસ સાયંસ 95 UP PR | 07 | 14 | 03 | 24 |
| ધો.-૧૨ આર્ટસ સાયંસ 90 UP PR | 17 | 28 | 06 | 51 |

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 032

**સંકુલ નું ગૌરવ - ધો. ૧૨ કોમર્સ ઉચ્ચ પરિણામ**

| વિગત | ગુ.મી. | ઈ.મી. | કુલ |
|---|---|---|---|
| ધો.-૧૨ કોમર્સ A1 ગ્રેડ | 17 | 09 | 26 |
| ધો.-૧૨ કોમર્સ A2 ગ્રેડ | 63 | 23 | 86 |
| ધો.-૧૨ કોમર્સ પરિણામ | 97% | 99% | 98% |
| ધો.-૧૨ કોમર્સ 95 UP PR | 47 | 24 | 71 |
| ધો.-૧૨ કોમર્સ 90 UP PR | 78 | 31 | 109 |

**મહે. તાલુકા એકઝીક્યુટીવ મેજી.સાહેબની કોર્ટમાં, મું.રાજુલા**

પર.અ.નં. ૫૦૪/૨૦૨૪

(૧) ભદ્રેશભાઈ વસનભાઈ ગોંડલીયા ઉ.વ.આ.૩૮
ધર્મે-હિન્દુ, ધંધો-વેપાર, રહે. કોટડી, તા.રાજુલા, જી.અમરેલી.
હાલ-સુરત, મો.૯૭૨૬૫૯૩૧૬૪ .........અરજદાર

**વિરૂધ્ધ**

(૧) તલાટી કમ મંત્રીશ્રી -વ- જન્મ - મરણ નોંધણી અધિકારીશ્રી
મુ.કોટડી, તા.રાજુલા, જી.અમરેલી ........સામાવાળા

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના કોટડી ગામના શ્રી ભદ્રેશભાઈ વસનભાઈ ગોંડલીયા એ તેમના પુત્ર નામે આશિષ ભદ્રેશભાઈ ગોંડલીયા નો જન્મ તા.૨૮/૧૦/૨૦૧૦ નાં રોજ મોજે કોટડી મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી જયસુખ કે. મજેઠીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હરકત સરખુ હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધો તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૫ માહે.૦૫ સને.૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા. ૦૫/૦૫/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નંબર/૧૩૧/૨૦૨૫

અરજદાર :- જસુભાઈ માધાભાઈ સાવલિયા
સરનામું :- રહે. દાતરડી, તા.રાજુલા જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી -વ- તલાટી કમ મંત્રીશ્રી
દાતરડી, તા.રાજુલા, જી.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના દાતરડી ગામના શ્રી જસુભાઈ માધાભાઈ સાવલિયા, એ તેમના બેન શ્રી કમળાબેન માધાભાઈ સાવલિયાનો જન્મ તા.૧૧/૦૩/૧૯૬૭ નાં રોજ દાતરડી મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.એ.લાખાણી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધો તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૧ માહે.૦૫ સને.૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા. / /૨૦૨૫

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

**એમ.સી.રાજયગુરૂ અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૩૯/૨૦૨૫ તા.૨૪/૦૪/૨૦૨૫

વિવાદી :- હિંમતભાઈ ભગવાનભાઈ નારોલા
ઠે.દામનગર, તા.લાઠી, જી.અમરેલી
મો.૯૪૨૯૬૮૬૫૨૬
C\O વિપુલકુમાર જે. ઓઝા, ૨-ગણેશ કોમ્પલેક્ષ,
એસ.ટી.બસસ્ટન્ડ પાસે, લાઠી

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી -વ-
ચીફ ઓફીસરશ્રી દામનગર, તા.લાઠી, જિ.અમરેલી

**// જાહેર નોટીસ //**
(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે. દામનગર ગામના રહિશ આ કામના અરજદારશ્રીએ પોતાનો જન્મ તા.૨૦/૦૫/૧૯૫૯ ના રોજ દામનગર, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૮/૦૪/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૮/૦૫/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

# નાપાક હરકત : એલઓસી પર ગોળીબાર કરતા ભારતે આપ્યો જડબાતોડ જવાબ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૫

ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ચરમસીમાએ છે. પહેલગામ આતંકવાદી હુમલાના માસ્ટરમાઈન્ડ પાકિસ્તાનને ડર છે કે ભારત તેની સામે મોટી લશ્કરી કાર્યવાહી કરી શકે છે. પાકિસ્તાન સમગ્ર વિશ્વને ભારતની સંભવિત કાર્યવાહી રોકવા માટે અપીલ કરી રહ્યું છે. જોકે, બીજી તરફ, પાકિસ્તાન પોતે નિયંત્રણ રેખા એટલે કે એલઓસી પર સતત



યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરી રહ્યું છે. ૪-૫ મેની રાત્રે પાકિસ્તાની સેનાએ ફરી એકવાર ભારત તરફ ગોળીબાર કર્યો હતો.

અહેવાલો અનુસાર, ભારતીય જમ્મુ અને કાશ્મીરમાં કુપવાડા, બારામુલ્લા, પૂંછ, રાજૌરી, મેંધાર, નૌશેરા, સુંદરબની અને અખનૂરની આસપાસના વિસ્તારોમાં નિયંત્રણ રેખા પાર પાકિસ્તાની સૈન્ય ચોકીઓ પરથી નાના હથિયારોથી કોઈ ઉશ્કેરણી વિના ગોળીબાર કરવામાં આવ્યો હતો. ભારતીય સેનાએ તરત જ આ ગોળીબારનો યોગ્ય જવાબ આપ્યો હતો.

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી આ સતત ૧૧મો દિવસ છે જ્યારે પાકિસ્તાની સેનાએ નિયંત્રણ રેખા પર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું છે અને ભારત તરફ ગોળીબાર કર્યો છે.

# જો એક વ્યક્તિ પણ બળાત્કાર કરશે તો આખી ગેંગ જવાબદાર ગણાશે : સુપ્રીમ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૫

ગેંગ રેપના મુદ્દા પર સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટપણે કહ્યું છે કે ગેંગરેપ કેસમાં, દરેક આરોપીને દોષિત ઠેરવવા માટે દરેક આરોપી દ્વારા કરવામાં આવેલા બળાત્કારના સમગ્ર કૃત્યના નક્કર પુરાવા રજૂ કરવાની જરૂર નથી. કોર્ટે કહ્યું છે કે જો બળાત્કાર એક વ્યક્તિ



દ્વારા કરવામાં આવે તો પણ, આ કૃત્યમાં સામેલ અન્ય લોકોને પણ જવાબદાર ઠેરવવા જોઈએ અને તેમને સમાન સજા આપવી જોઈએ. હકીકતમાં, સુપ્રીમ કોર્ટના જસ્ટિસ સંજય કરોલ અને કેવી વિશ્વનાથનની બેન્ચે એક આરોપીની અરજી ફગાવી દેતા આ ચુકાદો આપ્યો છે. આરોપીએ દાવો કર્યો હતો કે પીડિતા દ્વારા દાખલ કરાયેલી FIRમાં અન્ય આરોપીઓ સાથે તેનું નામ ઉલ્લેખિત નથી. સુપ્રીમ કોર્ટે આરોપીની અરજી ફગાવી દેતી વખતે અગાઉના ચુકાદાઓનો પણ ઉલ્લેખ કર્યો હતો. કોર્ટે કહ્યું કે આઈપીસીની કલમ ૩૭૬(૨) હેઠળ, ફરિયાદ પક્ષે એક કરતાં વધુ આરોપીઓએ એકસાથે ગુનો કર્યો છે તે દર્શાવવા માટે પુરાવા રજૂ કરવા પડશે. આવા કિસ્સામાં, જો બળાત્કાર એક વ્યક્તિ દ્વારા કરવામાં આવે તો પણ, બધા આરોપીઓ આ ગુનાના દોષિત ગણાશે. આરોપી દ્વારા કરવામાં આવેલા બળાત્કારના સમગ્ર ગુનાના પુરાવા ફરિયાદ પક્ષ માટે રજૂ કરવા જરૂરી નથી.

# શંભુ બોર્ડર પ્રદર્શનની જાહેરાત કરતા જ અનેક ખેડૂતોને નજરકેદ કરાયા

ચંડીગઢ,તા.૫

પંજાબમાં ખેડૂતો ફરી એકવાર પોતાની માંગણીઓ માટે વિરોધ પ્રદર્શન કરવા જઈ રહ્યા છે. ખેડૂતોએ આ માટે મંગળવારનો દિવસ નક્કી કર્યો છે. તેમણે આજથી શંભુ બોર્ડર પર મોટા પ્રદર્શનની જાહેરાત કરી છે. જોકે, આ પહેલા પણ ઘણા ખેડૂત નેતાઓને નજરકેદ રાખવામાં આવી રહ્યા છે. હવે મુખ્યમંત્રી ભગવંત માને પણ આ પ્રદર્શન સામે કડક ચેતવણી આપી છે



અને કહ્યું છે કે જો લોકોને હેરાન કરવામાં આવશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે. ખેડૂતોના વિરોધને ધ્યાનમાં રાખીને, રાજ્ય સરકાર એલર્ટ મોડમાં આવી ગઈ છે. તેમણે ઘણા ખેડૂત નેતાઓ સામે કાર્યવાહી શરૂ કરી દીધી છે.

# ભારત સરકારે ન્યૂઝ પોર્ટલ બલુચિસ્તાન ટાઈમ્સ અને બલુચિસ્તાન પોસ્ટના X એકાઉન્ટ્સ બ્લોક કરી દીધા

નવીદિલ્હી,તા.૫

ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે, ભારત સરકારે ૨ ન્યૂઝ પોર્ટલના એક્સ-હેન્ડલ પર પ્રતિબંધ મૂકીને વધુ એક મોટો ઝટકો આપ્યો છે. ભારત સરકારે ન્યૂઝ પોર્ટલ બલુચિસ્તાન ટાઈમ્સ અને બલુચિસ્તાન પોસ્ટના X એકાઉન્ટ્સ બ્લોક કરી દીધા છે. આ પ્રતિબંધ ભારતમાં લાદવામાં આવ્યો છે. ઉલ્લેખનીય



છે કે કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત પાકિસ્તાન સામે આક્રમક વલણ અપનાવી રહ્યું છે. આ સંદર્ભમાં, ભારતે પાકિસ્તાન સામે અનેક પ્રકારના પ્રતિબંધો લગાવ્યા છે અને તેના ઘમંડને તોડવાનો સતત પ્રયાસ કર્યો છે. ભારતની કાર્યવાહીથી હતાશ થયેલા પાકિસ્તાનના નેતાઓ સતત ભારતને ધમકી આપી રહ્યા છે પરંતુ ભારતની કાર્યવાહીથી પાકિસ્તાન ગભરાયેલું છે અને ભારત તરફથી હુમલાનો ડર અનુભવે છે. આ દરમિયાન, ભારત પાકિસ્તાન સામે તમામ પ્રકારના પ્રતિબંધો લાદી રહ્યું છે.

# અમેરિકામાં લાંચ કેસમાં ફસાયેલા ગૌતમ અદાણીને ટૂંક સમયમાં ક્લીનચીટ મળે તેવી સંભાવના

નવીદિલ્હી,તા.૫

અબજોપતિ ઉદ્યોગપતિ ગૌતમ અદાણીને ટૂંક સમયમાં લાંચ કેસમાં 'ક્લીનચીટ' મળી શકે છે. અમેરિકન કોર્ટમાં લાંચના કેસનો સામનો કરી રહેલા ગૌતમ અદાણીની ટીમે તાજેતરમાં ત્યાંની સરકાર સાથે ખાસ બેઠક કરી હતી. આ બેઠકમાં ડોનાલ્ડ ટ્રમ્પ સરકારના અધિકારીઓ અને ગૌતમ અદાણીની ટીમ વચ્ચે આ બાબતે લાંબી ચર્ચા થઈ. બ્લૂમબર્ગ ન્યૂઝના અહેવાલ મુજબ, ગૌતમ અદાણીની ટીમે ડોનાલ્ડ ટ્રમ્પ સરકારના અધિકારીઓ સાથે હાથ મિલાવ્યા છે જેથી અદાણી સામેના ફોજદારી આરોપોને પાછા ખેંચી લેવા માટે અપીલ કરી શકાય. આ અપીલ લાંચના કેસમાં તેમની સામે ચાલી રહેલી તપાસ અંગે કરવામાં આવી છે. જો આ મુદ્દા પર વાતચીત આ ગતિએ ચાલુ રહેશે, તો આગામી થોડા મહિનામાં આ મામલે મોટો નિર્ણય આવી શકે છે. ગૌતમ અદાણીને પણ ક્લીનચીટ મળી શકે છે.

# રશિયાએ આતંકવાદ મુદ્દે ભારતને સંપૂર્ણ સમર્થન આપવાની ખાતરી આપી

ન્યુ દિલ્હી,તા.૦૫

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ચાલુ છે. આ દરમિયાન, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરી હતી અને પોતાનો ટેકો વ્યક્ત કર્યો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, "રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફોન કર્યો હતો અને ભારતના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની કડક નિંદા કરી હતી.



તેમણે નિર્દોષ લોકોના મોત પર ઊંડી સંવેદના વ્યક્ત

**પહેલગામમાં આતંકવાદી હુમલાની કડક નિંદા કરતા પુતિન**

કરી હતી અને આતંકવાદ સામેની લડાઈમાં ભારતને સંપૂર્ણ સમર્થન આપવાની ખાતરી આપી હતી."

# જ્યાં સુધી ઈસ્લામ રહેશે ત્યાં સુધી આતંકવાદ પણ રહેશે : તસ્લીમા નસરીન

ન્યુ દિલ્હી,તા.૦૫

દેશનિકાલ કરાયેલા બાંગ્લાદેશી લેખિકા તસ્લીમા નસરીને રવિવારે પહેલગામ આતંકવાદી હુમલા અને ૨૦૧૬માં ઢાકામાં થયેલા આતંકવાદી હુમલા વચ્ચે સમાનતા દર્શાવતા કહ્યું કે જ્યાં સુધી ઈસ્લામ રહેશે ત્યાં સુધી આતંકવાદ પણ રહેશે. દિલ્હીમાં એક સાહિત્ય મહોત્સવના એક



સેશનમાં તેમણે કહ્યું કે ૧૪૦૦ વર્ષમાં પણ ઈસ્લામનો વિકાસ થયો નથી. તેમણે કહ્યું - જ્યાં સુધી આવું નહીં થાય ત્યાં સુધી ઈસ્લામ આતંકવાદીઓને જન્મ આપતો રહેશે. ૨૦૧૬ના ઢાકા હુમલામાં, મુસ્લિમો કલમા ન વાંચી શકતા તેમની હત્યા કરવામાં આવી હતી. જ્યારે આસ્થાને તર્ક અને માનવતા પર હાવી થવા દેવામાં આવે છે ત્યારે આવું જ થાય છે. ૨૨ એપ્રિલના રોજ, દક્ષિણ કાશ્મીરના પહેલગામ નજીક આતંકવાદીઓએ ૨૬ લોકોની ગોળી મારીને હત્યા કરી હતી, જેમાં મોટાભાગના પ્રવાસીઓ હતા. ૧ જુલાઈ ૨૦૧૬ના રોજ, ઢાકામાં હોલી આર્ટિસન બેકરીમાં આતંકવાદીઓએ ગોળીબાર કર્યો હતો, જેમાં ૨૯ લોકો માર્યા ગયા હતા. ઈશનિંદાના આરોપો બાદ તસ્લીમા નસરીન ૧૯૯૪થી સ્વીડન, અમેરિકા અને ભારતમાં દેશનિકાલમાં જીવન જીવી રહ્યા છે.

# પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ રમખાણો અંગે રાજ્યપાલે ગૃહ મંત્રાલયને રિપોર્ટ સોંપ્યો

કોલકતા,તા.૫

પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝે મુર્શિદાબાદ જિલ્લામાં થયેલા તાજેતરના રમખાણો અંગે કેન્દ્રીય ગૃહ મંત્રાલયને એક અહેવાલ સુપરત કર્યો છે. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે 'કટ્ટરવાદ અને ઉગ્રવાદની જોડિયા સમસ્યા' રાજ્ય માટે એક ગંભીર પડકાર બની ગઈ છે. ઉપરાંત, કેન્દ્રને



કાયદાના શાસન પ્રત્યે લોકોમાં વિશ્વાસ પેદા કરવા માટે કહેવામાં આવ્યું છે. પશ્ચિમ બંગાળમાં શાસક તૃણમૂલ કોંગ્રેસે આ અહેવાલને રાજકીય રીતે પ્રેરિત ગણાવ્યો છે, જ્યારે ભાજપે આ અહેવાલની પ્રશંસા કરી છે.

આ અહેવાલ એવા સમયે બહાર આવ્યો છે જ્યારે મુખ્યમંત્રી મમતા બેનર્જી સોમવારે મુર્શિદાબાદ જિલ્લાના સુતી અને સમશેરગંજના રમખાણોથી પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લીધી હતી.

# પહેલગામના આતંકીઓને કમાન્ડો જેવી તાલીમ અપાઈ હોવાનો ખુલાસો

(એચ.એસ.એલ),શ્રીનગર,તા.૫

પહેલગામ આતંકવાદી હુમલાની તપાસમાં એક મોટો ખુલાસો થયો છે. હવે એ વાત સામે આવી છે કે હુમલામાં સામેલ આતંકવાદીઓને કમાન્ડો જેવી તાલીમ આપવામાં આવી હતી. જમ્મુ અને કાશ્મીરની જેલમાં બંધ લશ્કર-એ-તૈયબાના આતંકવાદીઓની પૂછપરછ દરમિયાન આ વાતનો ખુલાસો થયો છે. પહેલગામ હુમલામાં સામેલ આતંકવાદીઓને પાકિસ્તાનના સ્પેશિયલ સર્વિસ ગ્રુપ કમાન્ડોની જેમ તાલીમ આપવામાં આવી હતી. કાશ્મીર ખીણમાં આવા ૧૫-૨૦ કમાન્ડરો હાજર છે, જે વિદેશી આતંકવાદીઓના નાના જૂથોનું નેતૃત્વ કરી રહ્યા છે. ગુપ્તચર એજન્સીઓ અનુસાર, પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી આઈએસઆઈનો ઉદ્દેશ્ય ભારતીય સુરક્ષા દળોને ભારે નુકસાન પહોંચાડવાનો છે. અગાઉ ત્રણ મોટા હુમલાઓમાં SSG કમાન્ડોની ભૂમિકા જોવા મળી હતી.

# ભારતે ચીનાબ નદીનું પાણી રોક્યા બાદ હવે હાઈડ્રો પ્રોજેક્ટ પર કામ શરૂ

સીમલા,તા.૦૫

પહેલગામ હુમલા બાદ ભારતે પાકિસ્તાન સાથે સિંધુ જળ કરાર સસ્પેન્ડ કરી દીધો છે. આ નિર્ણય પર કામગીરી કરતાં ભારતે ચિનાબ નદીના પાણી રોક્યા છે. જો કે, જળ સ્તર વધતાં તેના સંગ્રહ માટે ભારતે કાશ્મીરના હિમાલય ક્ષેત્રમાં સ્થિત બે જળવિદ્યુત પરિયોજના (હાઈડ્રો પ્રોજેક્ટ) પર કામગીરી શરૂ કરી દીધી છે. મીડિયા સુત્રો અનુસાર,



જમ્મુ-કાશ્મીરના ચિનાબ નદી પર બે વર્તમાન જળવિદ્યુત પરિયોજનાઓ સલાલ અને બગલિહાર ડેમમાં જળ સંચય ક્ષમતા વધારવા કામ શરૂ કર્યું છે. ભારતની સૌથી મોટી હાઈડ્રોપાવર કંપની NHPC અને જમ્મુ-કાશ્મીર સરકારે જળાશયોમાં જમા કાદવ હટાવવા માટે ફ્લશિંગ પ્રક્રિયા પણ શરૂ કરી હતી. ઉલ્લેખનીય છે, હાઈડ્રો પ્રોજેક્ટ્સ માટે કાદવ-કીચડને બહાર કાઢવા માટે જળાશયને લગભગ ખાલી કરવો પડે છે. ૧થી ૩ મે દરમિયાન આ કામગીરી ચાલી હતી.




# ટ્રમ્પે અમેરિકાની બહાર બનેલી ફિલ્મો પર 100% ટેરિફ ઝીંક્યો

વોશિંગ્ટન,તા.૫

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પની સરકાર બન્યા પછી, વિશ્વના ઘણા દેશો પર ટેરિફ લાદવાની પ્રક્રિયા શરૂ થઈ છે. હવે ટ્રમ્પે ટેરિફના મામલે ફિલ્મોને પણ છોડી નથી. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે એક મહત્વપૂર્ણ જાહેરાત કરતા કહ્યું કે તેઓ અમેરિકાની બહાર બનેલી ફિલ્મો પર પણ ૧૦૦ ટકા ટેરિફ લાદશે. આ જાહેરાત કરતી વખતે તેમણે કહ્યું કે તેને રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ગણાવ્યો અને કહ્યું કે અમે ઈચ્છીએ છીએ કે ફિલ્મો ફરીથી અમેરિકામાં બને.

# કાનપુરમાં ઈમારતમાં આગ લાગવાથી પતિ-પત્ની અને ૩ પુત્રીઓના મોત

કાનપુર,તા.૫

કાનપુરના ચમનગંજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પાંચ માળની ઈમારતમાં ભીષણ આગ લાગી હતી. આગમાં ૫ લોકોના મોત થયા છે. આગની જ્વાળાઓએ આખી ઈમારતને લપેટમાં લીધી હતી. આગને કારણે મકાનમાં હાજર પતિ, પત્ની અને ત્રણ પુત્રીઓના મોત થયા હતા. ૫૦ થી વધુ ફાયર બ્રિગેડના વાહનોએ આગ પર કાબુ મેળવ્યો હતો. કાનપુરના ચમનગંજ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના ગાંધીનગર વિસ્તારમાં પાંચ માળની એક ઈમારતમાં ભીષણ આગ લાગી હતી. આ આગ એટલી ભયંકર હતી કે તેણે આખી ઈમારતને લપેટમાં લઈ લીધી. આગને કારણે ઘણા લોકો ઈમારતમાં ફસાયા હતા. તાત્કાલીક ફાયર બ્રિગેડના તમામ વાહનો ઘટનાસ્થળે પહોંચી ગયા અને આગ ઓલવવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. આગ એટલી ભયંકર હતી



કે આસપાસની ઈમારતોને પણ ખાલી કરાવવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, પાંચ માળની ઈમારતમાં જૂતાની ગેરકાયદેસર ફેક્ટરી ચાલી રહી હતી. જોકે, સમાચાર લખાય છે ત્યાં સુધી આગ કયા કારણોસર લાગી તે જાણી શકાયું નથી. આ ઘટના અંગે એડીસીપી સેન્ટ્રલ કાનપુર રાજેશ શ્રીવાસ્તવે પણ નિવેદન જારી કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, 'પાંચ લોકોને હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે, તેમની તબીબી તપાસ કરવામાં આવશે.' તેના બચવાની આશા બહુ ઓછી છે. આ પછી, સવારે માહિતી બહાર આવી કે ૫ લોકોનાં મોત થયા છે.

# ગુજરાતી માધ્યમ ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ

OXFORD SCHOOL OF SCIENCE AMRELI

કેરીયા રોડ, સંજોગ ન્યુઝની બાજુમાં, અમરેલી Ph. - 02792-230010/20, Mo. - 63529 29855

## વર્ષ 2025 ધો. 12 સાયન્સ પરિણામમાં ઓક્સફર્ડ સ્કૂલે ઈતિહાસ સર્જી દીધો

અમરેલી જિલ્લાના કુલ 15 A1 ગ્રેડ માંથી 12 A1 ગ્રેડ મેળવી ઓક્સફર્ડ સ્કૂલ જિલ્લામાં પ્રથમ ક્રમે

| કુલ વિદ્યાર્થી | ઉતિર્ણ વિદ્યાર્થી | A1 - ગ્રેડ | A2 - ગ્રેડ | B1 - ગ્રેડ | 90 UP PR |
|---|---|---|---|---|---|
| 210 | 200 | 12 | 50 | 43 | 63 |

### અમરેલી જિલ્લા પ્રથમ



A1

621/650

**વિરપરા હસ્તિ**

PR : 99.95

સીટ નં. : B213412

A1



ધંધુકિયા પ્રિયાંશી
PR : 99.93
સીટ નં. : B213929

A1



કાનપરિયા મીત
PR : 99.78
સીટ નં. : B213464

A1



મેર મયુર
PR : 99.75
સીટ નં. : B213462

A1



બાવિશી મહેક
PR : 99.69
સીટ નં. : B213459

A1



પટોળિયા માર્ગી
PR : 99.56
સીટ નં. : B213869

A1



હિરપરા ક્રિશા
PR : 99.49
સીટ નં. : B213770

A1



નાકરાણી યશ
PR : 99.48
સીટ નં. : B213552

A1



આજરા દિવ્યેશ
PR : 99.48
સીટ નં. : B213645

A1



પાલડિયા સાક્ષી
PR : 99.38
સીટ નં. : B213525

A1



જોષી વિશ્વેશ
PR : 99.26
સીટ નં. : B213542

A1



મહેતા રૂદ્ર
PR : 99.11
સીટ નં. : B213497

### સાયન્સ મેરીટ અમરેલી જિલ્લા પ્રથમ



296/300

PR 99.95

**સુદાણી તૃષિક**

સીટ નં. : B213537

### ગુજકેટ પરિક્ષા અમરેલી જિલ્લા પ્રથમ



ધંધુકિયા પ્રિયાંશી
113.75 ગુણ
સીટ નં. : E617364



ત્રિવેદી પાર્થ
113.75 ગુણ
સીટ નં. : E618583

### સાયન્સ A1 - ગ્રેડ

(300 માંથી 270 ગુણથી વધુ)

મેળવનાર સંસ્થાના 33 વિદ્યાર્થીઓ

### ગુજકેટ પરિક્ષામાં 100 થી વધુ ગુણ મેળવનાર સંસ્થાના 19 વિદ્યાર્થીઓ

-: સંસ્થાના માર્ગદર્શકો :-

ગુરૂવર્યશ્રી એચ. એલ. પટેલ સાહેબ
શ્રી પરશોતમભાઈ રૂપાલા સાહેબ

-: શિક્ષકો એ જ સંચાલકો :-

મયુરભાઈ ગજેરા
નિલેષભાઈ ગજેરા પ્રહલાદભાઈ વામજા